SVP

PRABHAT
EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR
THOSE WITH SPECIAL NEEDS


# એક ડગલું આત્મનિર્ભરતા તરફ..

## A compilation of case studies On Young adults with disabilities working their way to financial independence

(An initiative by Prabhat Education Foundation, supported by SVP India)










# પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન વિષે....

Making learning a joyful experience for those who need an alternative
(જેને વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થાની જરૂર છે તેમના માટે શીખવાના અનુભવને આનંદમય અનુભવ બનાવવું. )

2003 શરુ થયેલ પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનએ મુખ્યપ્રવાહની શાળાઓમાં શીખવાની મુશ્કેલીઓ ધરાવતા બાળકોની ઓળખ અને ઉછેરની સફરને પ્રતિબિંબિત કરે છે. સમય જતાં, અમદાવાદ અને તેની આસપાસના શારીરિક અને માનસિક રીતે વિકલાંગ બાળકોની વ્યાપક વાસ્તવિકતા સ્પષ્ટ થઈ, અને પ્રભાત કલંક, અજ્ઞાનતા અને અસ્વીકારથી પ્રભાવિત તેમના પરિવારો તેમજ વિશેષ બાળકોની સેવા કરવા માટે આગળ વધ્યું. આ જૂથની સંભાળ, શિક્ષણ અને શીખવાની જરૂરિયાતને સમજીને, પ્રભાતે વ્યવસ્થિત પુનર્વસન સેવાઓ પ્રદાન કરવા માટે સંસ્થાકીય સુવિધાની કલ્પના કરી જે ગરીબી અને ગતિશીલતા દ્વારા પડકારવામાં આવેલા લોકો માટે સુલભ હોઈ શકે. સ્થાનિક સમુદાયો સાથે અને તેમના દ્વારા કામ કરવું એ પ્રભાતની 'ઓળખ' બની ગઈ.

2007 માં એક બાળક સાથે જે સાધારણ શરૂઆત થઈ હતી તે હવે અમદાવાદમાં ખાસ જરૂરિયાતો ધરાવતા 3000 વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પડોશીઓ અને સમુદાયો સુધી પહોંચી ગઈ છે.

આજે, પ્રભાતની કાર્યક્રમ સંબંધી પ્રવૃત્તિઓ અને સેવાઓ 3 મુખ્યક્ષેત્રો હેઠળ હાથ ધરવામાં આવે છે:

1·પ્રભાતસેન્ટર
2·સમુદાય આધારિત પુનર્વસન કાર્યક્રમ (CBR)
3·નેટવર્કિંગ દ્વારા હિમાયત





# Social Venture Partners (SVP) – અમદાવાદ વિશે

-Social Venture Partners(SVP) એ સમગ્ર ભારતની સહયોગી કલ્યાણકારી સંસ્થા છે.

-SVP India નું વિઝન વ્યક્તિઓને કલ્યાણ અને અન્યને મદદ માટે જોડાવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવાનું છે જેથી કરીને જીવનભર અનુદાન આપનારાઓનું નિર્માણ કરી શકાય.

-SVP કલ્યાણકારી લોકોને, તેમને તેમના નાણાં અને સમયના યોગદાનથી સૌથી વધુ નોંધપાત્ર અસર કરવામાં મદદ કરે છે.

-SVP ભંડોળ અને સંસ્થાઓને ,જ્ઞાન, બજારો અને ભંડોળની પહોંચ માટે મજબૂત બનાવે છે.

- SVP સહયોગી અભિગમ ધરાવે છે, જેથી એક સમાન ઉદ્દેશ્ય ધરાવતા લોકો તેમના પ્રયત્નોને સંરેખિત કરી શકે અને સાથે મળીને આગળ વધી શકે.








# કરવામાં આવેલ નવી પહેલનું સારાંશ..

મોટાભાગની વ્યક્તિઓ માટે, પુખ્ત જીવનમાં પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે 'રોજગાર' એ એક મહત્વનું પરિબળ છે. અને કામ કરવાની ભૂમિકાને વ્યક્તિના જીવનનું પ્રાથમિક કાર્ય છે એવું નિશ્ચિત કરવામાં આવ્યું છે. રોજિંદા જીવનમાં આપણામાંના મોટાભાગના લોકો ગૌરવ અને સંતોષ માટે 'અર્થોપાજન' માટે કાર્ય કરે છે. પરંતુ બૌદ્ધિક વિકલાંગતા (હવે આગળ'ID' શબ્દ નો ઉપયોગ કરવામાં આવશે.)ધરાવતા લોકો માટે આને લઈને તકો મર્યાદિત છે. શિક્ષણ માટેની સીમિત તકથી લઈને કાર્યસ્થળના વાતાવરણ અને માનસિકતા ને પરિણામે આપણે ખુબ જ ઓછી સંખ્યમાં તેમને કામ કરતા જોઈ શકીએ છીએ.

અભ્યાસ દર્શાવે છે કે ભારતમાં ID ધરાવતા 31 મિલિયન લોકો છે. ભારતમાં માત્ર 1% વિકલાંગ બાળકોની શાળામાં પ્રવેશ છે અને તેમાંથી મોટા ભાગનાને તેમની વિકલાંગતાને કારણે તેમના પરિવારો, સમુદાયો અને સમાજમાં સંપૂર્ણ સહભાગિતાથી વંચિત રાખવામાં આવ્યા છે. સુવિધાઓ, પરિવહન અને માહિતી સુધી પહોચવાનો અભાવ તેમને આવાસ, રોજગાર અને આરોગ્ય સંભાળમાં સમાન તકોનો આનંદ મેળવવા માટે અટકાવે છે. 1990 ના દાયકા દરમિયાન, ભારત સરકારે ID ધરાવતા વ્યક્તિઓની જરૂરિયાતોને સંબોધવા અને તેમને સમાજમાં વધુ સારી રીતે સામેલ કરવા માટે નીતિઓ વિકસાવી. આ સુધારાઓમાં સૌથી મહત્ત્વપૂર્ણ 1995નો 'પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ (અધિકાર અને સંપૂર્ણ સહભાગિતાનું સમાન રક્ષણ) અધિનિયમ (PWDA) (1996 નો નંબર 1) હતો જેણે તમામ વિકલાંગ વ્યક્તિઓના સમાન અધિકારો અને તકોને આગળ વધાર્યા હતા. વધુ વિશિષ્ટ રીતે, ID ધરાવતા વ્યક્તિઓને સમાજમાં તેમના સમાવેશની ખાતરી આપવા માટે મફત શિક્ષણ, વિશેષ નોકરીની ફાળવણી અને અન્ય વિવિધ સંસાધનોની ખાતરી આપવામાં આવી હતી. પરંતુ વાસ્તવિકતા તેનાથી દૂર છે.

પ્રભાતે બૌદ્ધિક વિકલાંગતા ધરાવતા 524 યુવાન વયસ્કોની ઓળખ કરી (જેઓ પ્રભાતનો એક ભાગ છે), જેમાંથી 112એ વ્યાવસાયિક પ્રવૃત્તિઓ માટે તેમની ઈચ્છા દર્શાવી. પહેલને ટકાઉ રાખવા માટે બંને સંસ્થાઓએ વધુ કાયમી અસરોને જોતા તબક્કાવાર પ્રોજેક્ટ શરૂ કરવાનું નક્કી કર્યું. પ્રથમ વર્ષમાં, 30 વિકલાંગ લોકોને, ખાસ કરીને બૌદ્ધિક વિકલાંગતા ધરાવતા લોકોને વિવિધ કૌશલ્યો - ટેલરિંગ, પેપર બેગ બનાવવા, સ્ક્રીન પ્રિન્ટીંગ, કમ્પ્યુટર કૌશલ્યો સાથે સામાન્ય કાર્યસ્થળના વર્તન કૌશલ્યો અને રોજિંદા જીવન પ્રવૃતિઓનું પુનરાવૃત્તિ હેઠળ તાલીમ આપવામાં આવી હતી. એપ્ટિટ્યુડ ટેસ્ટ સાથે વ્યક્તિનું સંપૂર્ણ મૂલ્યાંકન કર્યા પછી તાલીમ આપવામાં આવી હતી. તાલીમ આપતા પહેલા વ્યક્તિના હિતને પણ ધ્યાનમાં લેવામાં આવ્યું હતું. 30 વ્યક્તિઓમાંથી, 15 વ્યક્તિઓ વિવિધ સ્થળોએ કાર્યરત છે અને 7ને પ્રભાતમાં શિક્ષકો, ક્ષેત્ર સંયોજક, સહાયક સ્ટાફ વગેરેના મદદનીશ તરીકે તાલીમ આપીને તૈયાર કરવામાં આવી રહી છે.

આવનારા વર્ષમાં પ્રભાત અને SVP નિશ્ચિત કરેલ પ્રક્રિયાઓને મજબૂત કરવાનું ચાલુ રાખશે અને પ્રથમ વર્ષ દરમિયાન સામે આવેલા પડકારોનો પણ ઉકેલ લાવશે. આ એક વર્ષ એવું હશે જ્યાં ક્રોસ ડિસેબિલિટી ધરાવતા યુવા પુખ્તવયના લોકોના સમાવેશ સાથે અન્ય કૌશલ્યોનો વિચાર અને પરિચય કરવામાં આવશે, જે આ પહેલને વધુ મજબૂત બનાવાશે.

# દસ્તાવેજ વિશે...

પ્રભાત સંસ્થા વ્યાવસયિક તાલીમ કાર્યક્રમના માધ્યમથી તેમને રોજગારી ઉપલબ્ધ થાય તે માટે પ્રથમ તેમનામાં ચોક્કસ કુશળતાઓ અને વિષય વસ્તુના જ્ઞાનની તાલીમ થી લઈને રોજગાર આપનાર સાથે સંકલન કરી ‘સેતુ’ ની ભૂમિકા ભજવે છે.

આ જ ભૂમિકા ભજવતા અનેક અનુભવો, શિક્ષણ મળ્યું છે. જે બહોળા સ્તરે ઉપયોગી લાગી રહ્યું છે. જેમાં ક્યાંક પરિવારનો પ્રેમ, વ્યક્તિના જીવનમાં આવેલ પરિવર્તન, તેનો અહેસાસ અને ત્યાર બાદ, મળેલ એક સ્વમાનભેર જીવન જીવવાના આનંદની અનુભૂતિ છે. તો ક્યારેક ‘સામાન્ય જીવન ‘ જીવવાનો અવસર મળવાનો આનંદ છે, તો ક્યાંક બહેનને પોતાના ભાઈએ પોતાની કમાણીથી આપેલ ભેટ લેવાનાં‘સ્નેહ’ ની વાત છે. દરેક વાત આપણા હદયને સ્પર્શી જાય એવી છે. પણ આ બધું સરળ નથી છતાં મુશ્કેલ નથી તેવું આ વ્યક્તિઓ, પરિવાર અને તેમને કામ આપેલ વ્યક્તિ, ઉદ્યોગો એ સાબિત કરી દીધું છે.











# અનુક્રમણિકા


| નામ | નંબર |
|---|---|
| માતા પિતાના વિશ્વાસે ફુઝૈલને કામ માટેના દરવાજા ખોલી આપ્યા | 1 |
| વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિ ના કાર્ય પર ટકાવવા માટે પાયાનો સિધ્ધાંત : કામના સ્થળની જગ્યા પર સંવેદનશીલતા અને સમજણ નું સમન્વય | 5 |
| વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિના 'સામાન્ય જીવન' જીવવા માટે પ્રેરણાદાયી સફરની વાત... | 9 |
| પિતાના વ્યવસાય માં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા યુવાન પુત્ર 'ખભે ખભા' મળવી  કાર્ય કરીને અન્ય માટે પ્રેરણા રૂપ બની રહ્યા છે. | 13 |
| વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિના જીવનમાં: પરિવારનો પ્રેમ, યોગ્ય તાલીમ અને કાર્ય સ્થળ પરની સંવેદનશીલતાનો ત્રિવેણી સંગમ... | 15 |
| સોહેલની સફરે નિશ્ચિત કર્યું છે કે ,'ઇકોસીસ્ટમ' માં જોડાયેલ દરેક વ્યક્તિ પોતાની ભૂમિકા ભજવશે તો પરિવર્તન ચોક્કસ આવશે.. | 18 |
| જયારે જાગીએ ત્યારે સવાર : ૪૦ વર્ષે વિશિષ્ટ જરૂરિયાત ધરવતા વ્યક્તિ અર્થોપાજન માટે તૈયાર થયાની સફરની વાત .. | 22 |

# માતા પિતાના વિશ્વાસે ફુઝૈલને કામ માટેના 'દરવાજા' ખોલી આપ્યા

અમે એને મળ્યા ત્યારે તે તેના પિતા સાથે કામ પર જવા માટે તે તૈયાર થઇ ગયો હતો. એના મમ્મીએ હસતા હસતા કહ્યું કે, ' ફુઝૈલ તો અબ કામ પે જાતા હૈ '' એ કહેતી વખતે આંખોની ચમક જોતા તેમની ખુશીનો આપણે ચોક્કસ અંદાજો મેળવી શકીએ. ચોક્કસ આ ખુશી મેળવવા પાછળ એમની લાંબી સફર રહી હતી. જે બાળકને નાનપણમાં જ શાળામાંથી કહી દેવામાં આવ્યું હોય કે, આને લઇ જાઓ એ કંઈ નહિ શીખી શકે ત્યારે તે બાળક માટે કોઈ ઉમ્મીદ ન છોડતા તેના માટે જે 'બેસ્ટ' હોય તે કરવાની પરિવારની ધીરજને સલામ છે. આપણે વાત કરી રહ્યા છીએ. બેરલ માર્કેટ અમદાવાદમાં રહેતા અન્સારી ફુઝૈલ જાકીર હુસૈનની.

શાળામાંથી તો એનો સફર તૂટી ગયો પણ પ્રભાત દ્વારા ચાલતા સેન્ટરથી તેની શરૂઆત થઇ. તેના મમ્મીના કહેવા મુજબ માટે પ્રભાતના 10 થી 12 વર્ષની સફરમાં તે ઘણું જ શીખ્યો છે. તે ભલે લખી કે વાંચી નથી શકતો પણ એનું જીવન ઘડતર થયું છે. લોકોની સાથે વાતચીત કરવાની શૈલથી લઈને જે કામ એને આપણે સમજાવીએ તે કરવાની સમજ વિકસી છે. અને તેના લીધે જ આજે તે આર્થિક અર્થોપાર્જન માટેના કાર્યમાં જઈ શક્યો છે. તેના મમ્મી કહે છે, ''હર ચીઝ કા અનુભવ દિયા હૈ. યે ઘઉં હૈ, યે ચાવલ હૈ.. ઉસકી સમજ સે લેકર હર તરહકી તાલીમ દી હૈ. માં કી તરહ દેખ ભાલ કી હૈ પ્રભાત વાલોને.''

ફૂઝૈલની વિકલાંગતાની વાત કરીએ તો તે Mental retardation બાળક છે. અને તેથી જ તેની સાથે તેને ધ્યાને રાખીને જ તેના માટે વ્યક્તિગત આયોજન થયું હતું. તેને શરૂઆતમાં તો પોતાના જ કામ કરી શકે તે માટે તૈયાર કરવામાં આવેલ. અને ત્યારબાદ, જેમ જેમ તેની પ્રગતિ નોંધાતી ગઈ તેના માટે નવા ગોલ સેટ કરવામાં આવ્યા. પોતાના કપડા પહેરવાથી લઈને મમ્મીને ઘરમાં નાના ના કામ માટે તેને પ્રવૃત્તિઓ આપવામાં આવતી જેથી તે સૂચનોને સમજી શકે અને તે મુજબ વર્તી શકે.

આ સાથે સાથે શૈક્ષણિક સ્તરે પણ તેની સાથે કામ કરવામાં આવ્યું. તેને અંકો શીખવાડવામાં આવ્યા તો બહારની દુનિયા કેવી છે અને તેનો પ્રેક્ટીકલ અનુભવ થાય તે માટે તેને પ્રવાસોમાં પણ લઇ જવામાં આવ્યું.

આમ, એક વૈજ્ઞાનિક પદ્ધતિથી બાળકનું અહી ઘડતર થયું છે. તેની પ્રગતિ જોતા તેને વ્યવસાયિક તાલીમ માટે તૈયાર કરવામાં આવેલ. અને તેને એ દ્રષ્ટિકોથી તેને વિવિધ ઈનપુટ આપવામાં આવ્યા. જેમાં, ૧. સ્વયં અને પરિવારની જાગૃતતા. ૨. કાર્ય સ્થળ અને કામનું શેડ્યુલ. ૩. વ્યક્તિગત સ્વચ્છતા. ૪. કાર્ય સ્થળ પર વર્તણુંક. ૫. નિયમિતતા અને શિસ્તતા. ૬. સંદેશાવ્યવહાર. ૭. કાર્યની ગુણવત્તા અને પ્રમાણ. ૮. જેન્ડરની સમજ. ૯. અધિકારોની સમજ અને ૧૦. સ્વની સુરક્ષા જેવા વિષયોને આવરી લેવાયા હતા.

ઉદાહરણ તરીકે વાત કરીએ તો, બજારનું વાતાવરણ, પૈસાનું મુલ્ય, એક થી વધારે સૂચનનો અમલ, વસ્તુ ખરીદવી વગેરે પ્રેક્ટીકલ બાબતો તેને શીખવવામાં આવી. તો કપડાની ગડી કરવાથી લઈને અન્ય ઝાડમાં પાણી પાવું, પોતાનાથી નાનાને મદદ કરવી, પેપર કટિંગ વગેરે કામો શીખવવામાં આવ્યા છે. આ સાથે તે પોતાના ઘરેથી સેટર સુધી રીક્ષામાં આવી શકે તે માટે તેને તૈયાર કરવામાં આવેલ.

જેથી થઇને ભવિષ્યમાં પોતાની રીતે ક્યાય પણ જવું હોય તો એકલો જઈ શકે આવી શકે. અને તેને પોતાના ઘરનું સરનામું કહેવાથી લઈને , ભાડાના પૈસા ચુકવવા, ત્યાં સાવધાનીથી બેસવું વગેરે બાબતો શીખવવામાં આવી.

આમ, આ સફરમાં બાળકના વ્યક્તિગત આયોજનથી લઈને તેના મૂલ્યાંકન ની સફરમાં પ્રભાતની સાથે તેના માતા પિતા પણ સરખે સરખા ભૂમિકા ભજવે છે. કારણ કે અહી દરેકને પોતાની ભૂમિકા ભજવવી જરૂરી છે અને તો જ બાળકના વિકાસમાં પ્રગતિ જોઈ શકાય છે. ફુઝૈલની માતા અને પિતા ચોક્કસ એના એક ઉત્તમ ઉદાહરણ બની રહ્યા છે. કારણ કે પરિવાર પણ બાળકના વિકાસ માટે જવાબદાર છે. તેમનો અભિગમ હકારાત્મક રહેશે તો તેની અસર બાળક પર પણ પડે છે. તેથી પ્રભાત વખતો વખત ફૂઝૈલના માતા પિતા સાથે સંવાદ કરેલ છે. અને તેમને વિવિધ માધ્યમોથી પણ જોડી રાખેલ છે. જેના પરિણામે આજે તેના માતા પિતાને આપણે ફૂઝૈલના વિકાસ માટે સાથે ઉભા જોઈ શકીએ છીએ.

ફુઝૈલ જેવા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકના વિકાસના પગથિયામાં વ્યવસાયિક તાલીમ એક મહત્વનો પડાવ હોય છે.અહીથી બાળક એક નવી દુનિયામાં પગ મુકે છે. જેમાં તેને સ્વમાન અને આત્મવિશ્વાસ મળે છે. ફૂઝૈલનો આજ પડાવ શરુ થયો ત્યારે તેની માતાએ જે તૈયારી દર્શાવી તે અન્ય માટે પ્રેરણાદાયી છે.

તેના મમ્મીને  પોતાના અનુભવોની વાત પૂછવામાં આવી અને કહ્યું કે, જયારે તમારા બાળકને હવે કામ માટે ટ્રેનીંગ આપવામાં આવશે ત્યારે કેવી લાગણી થઇ હતી ? સહજ રીતે તેના મમ્મી જવાબ આપતા કહે છે કે, '' મુજે થા કી, મેરા બેટા સબ કુછ કર લેગા. મુજે વિશ્વાસ થા. ટ્રેનીગ દેકે પૈરો પર ખડા કરને કી યે લોગ કોશિશ કર રહે હૈ તો હમ તો માં બાપ હૈ . હમે ભી કરના ચાહિયે.''

અહી ચોક્કસ પ્રભાતના પ્રયાસોને માતા પિતા દ્વારા સ્વીકારવામાં આવે અને માતા પિતા પણ આ સફરમાં એટલા જ જવાબદાર બની જાય છે ત્યારે બાળક માટે બહારની દુનિયામાં પગ મુકવા માટે દરવાજા ખુલી જાય છે. માતા પિતાનો બાળકમાં વિશ્વાસ ખુબ જરૂરી છે. આ વિશ્વાસ જ બાળકને ' પોતે કરી શકે છે '' એવો આત્મવિશ્વાસ અપાવે છે.

ફુઝૈલના પિતા લેડીસ પર્સ બનાવવાના કારખાનામાં કામ કરે છે. તે ઘણા લોકોને પણ આ કામ શીખવાડે છે. ત્યારે ફુઝૈલના મમ્મીએ તેમને કહ્યું કે,'' મેરે છોકરે કો લેકે જાઓ .દુસરો કો શીખાતે હો તો મેરે છોકરે કો ભી શિખાઓ.. તુમ્હારી મદદ કરેગા તો દો પૈસે તો ઘર પર હી આયેંગે ના..'' શરૂઆતમાં તેના પિતાને લાગ્યું કે, આ કઈ રીતે થાય ? તેમને ઘણા સવાલો , શંકા હતી કે શું ફુઝૈલ શીખી શકશે ? પરંતુ જે માતાના હકારાત્મક દબાણને લીધે તેઓ તેને સાથે કામ માટે લઇ ગયા.શરૂઆતમાં તેને પેકેજીંગ ના કામ આપવામાં આવ્યું. અમુક સમય થયો પણ તેને તે કામ માટે તાલમેલ ન બેસી શક્યો. તેના પિતાને પછી લાગ્યું કે તેમની સાથે જ તેને રાખવું જોઈએ. તેને થપ્પી

ફુઝૈલને બીજી જગ્યા પર કામ કરવા જવા વિષે પુછતા એના મમ્મી કહે છે કે, ''શેઠ ભી ઉનકો કારીગર સિર્ફ ન સમજે. જ્યાદા ડીપ્રેશનન દે ઉસકો. પ્યાર મહોબ્બત સે રખે તો હી મૈ બહાર ભેજુંગી. પ્યાર મહોબ્બત હી ઉનકે લિયે સબ કુછ હૈ. મહોબ્બત સે બોલોગે તો વો કર લેંગે. હાવી હો જાયે તો કુછ નહિ કર પાયેંગે.. પૈસે તો હમભી કમા લેંગે. બસ મેરા છોકરા શીખે, કિસી પે ડિપેન્ડ ન રહે. યહી ફ્રિક રહેતી હૈ.'' તેમની આ વાત આપણને ઘણું બધું કહી જાય છે.

કરાવવાનું કામ શરુ કરાવ્યું. બે વ્યક્તિઓને સામે સામે આ કાર્ય કરવાનું હોય છે તેના પપ્પાની સામે ફુઝૈલ કામ કરવા લાગ્યો. ટૂંક સમયમાં તેને એ કામ ફાવી ગયું. ધીરે ધીરે તેના પિતાએ તેને કાતરથી કઈ રીતે કટિંગ કરવું તેની પણ તાલીમ આપી દીધી. અને ફુઝૈલએ કામ પણ શીખી લીધું.

તેના પિતા કહે છે કે, પહેલા જે કામ કરતા તેને કલાક થતી હતી હવે તે જ કામ હવે અડધી કલાકમાં કરી લે છે. કટિંગમાં મને તો મદદ કરે છે સાથે બીજા કારીગરો ને પણ તે મદદ માટે જાય છે. આ ઉપરાંત ત્યાં દરેક વ્યક્તિ સાથેના વર્તનને લઈને પણ તેઓ ખુશ છે. દરેક તેને પ્રેમથી બોલાવે છે. તે એકલો બહાર જાય છે. તેને ગમતું નાસ્તો લઇ આવે છે. રસ્તામાં આવતા બીજા દુકાનવાળાઓ સાથે પણ તેની દોસ્તી થઇ ગઈ છે. આ બધા સાથે તે શું વાત કરે છે ત્યારે કહે છે કે, પોતે જે કામ કરે છે તેની વાત કરે છે અને તેમના ધંધાને લઈને પૂછે છે. આમ, એક એવું વાતાવરણ ફુઝૈલને મળી રહ્યું છે કે જે તેની શીખવાની પ્રક્રિયાને ગતિ આપે છે.

ફુઝૈલના હમણા સુધીના કામને લઈને તેના પિતા કહે છે કે, '' કામ મેં છોકરે રખતે થે. તો ઉનકો પૈસે દેને પડતે થે. ઉનકે પીછે મહેનત કરતે થે.અબ ઉન કો રખના નહિ પડ રહા હૈ. મેરા બચ્ચા મુજે મદદ કર દેતા હૈ . સાથ મેં ઉસકી ટ્રેનીંગ ભી હોતી હૈ. આ ઉપરાંત તેમને તેમના પોતાના બાળકને શીખવાડવાનો અનુભવ પણ સમજવા જેવો છે. પોતાના બાળકને શીખવવા માટે તેમને ધીરજ રાખી છે. ચોક્કસ તેને શીખતા અને કામમાં ગતિ આવવા માટે સમય લાગ્યો પરંતુ તેના પિતાએ ધીરજ રાખી. અને હવે તેમનું લક્ષ્ય છે કે, તેને મશીનનું કામ શીખવવું છે જેથી તે પોતાની રીતે મશીન ચલાવી શકે.

આજે ફુઝૈલ આખો દિવસ કામ પર રહે છે. તે વ્યસ્ત હોય છે, રજાના દિવસોમાં તે પોતાને ગમતી જગ્યાએ ફરવા જાય છે તો આડોશ પાડોશની દુકાનો કે મિત્રો સાથે સમય પસાર કરે છે. આ બધું જ તેના વ્યક્તિત્વને હવે વધારે ગંભીર બનાવે છે. જેની દરેક નોંધ લે છે.

આપણે જયારે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકના વ્યવસાયિક ક્ષેત્રમાં એને જોવા ઇચ્છી એ છીએ તો કામના સ્થળે તેને સામંજસ્યપૂર્ણ વાતાવરણ મળે અને તેની સાથે સંવેદનશીલતા અને ધીરજથી કામ લેવામાં આવે તો ચોક્કસ તેમને કામમાં ટકાવી શકાશે. આ સાથે ત્યાના લોકો બાળકને સ્વીકારે અને તે પણ જરૂરી છે. અહી, ફુઝૈલના કિસ્સામાં તેની માતાનો ખુબ જ મહત્વનો રોલ રહ્યો છે. જેણે બાળક શીખ શકશે તેવો વિશ્વાસ રાખ્યો અને તેના પતિને તૈયાર કર્યા કે તે બાળકને શીખવે. આમ, પરીવારની તૈયારી વિશિષ્ટ જરૂરીયાત ધરવતા બાળક માટે ખુબ જ મહત્વની ભૂમિકા ભજવે છે.

આજે ફુઝૈલમાં એક સ્થિરતા આવી ગઈ છે. તે પોતે હવે 'મોટો' બની ગયો છે તેવું તે અનુભવે છે. તેના પાડોશી પણ કહે છે કે, હવે ફુઝૈલમાં બહુ બદલાવ આવી ગયો છે. આ બદલાવની સફરના દરેક સાથીઓને અભિનંદન.

## વિશિષ્ટ જરૂરિયાત ધરવતા બાળક માટે કામની જગ્યા પર આટલું કરીએ :

-અન્ય કર્મચારી દ્વારા હાંસીને પાત્ર ન બને તેનું ધ્યાન રાખીએ.
-તેની સ્થિતિને ધ્યાને રાખી કામની સોપણી કરીએ.
-તેની પ્રગતિ ને લઈને 'ધીરજ' રાખીએ.
-તેની સાથે વર્તનમાં સંવેદનશીલતા રાખીએ.

## માતાપિતા દ્વારા આટલું તો કરી શકાય:

-બાળકમાં વિશ્વાસ રાખીએ.
-તેના શીખવા માટે પ્રોત્સાહિત કરીએ.
-'આર્થિક બાબત ઉપરાંત અન્ય જે બાબત પર ફાયદાઓ થાય છે તેને જોવા જઈએ



# વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિ ના કાર્ય પર ટકાવવા માટે પાયાનો સિધ્ધાંત : કામના સ્થળની જગ્યા પર સંવેદનશીલતા અને સમજણનું સમન્વય...

એ રક્ષાબંધન દર વર્ષ કરતા અલગ હતી. બહેનોની આંખોમાં આંસુ હતા ખરા પણ દુખ ના નહિ પણ' હર્ષનાં'. પહેલી વખત ભાઈએ પોતાની રીતે પૈસા કમાવી ને તેમને આપ્યા હતા. આ એ જ ભાઈ કે જેના વિષે ' પાગલ છે, કશું નહિ કરી શકે '' એવા શબ્દો નાનપણ થી તેના કાનમાં અથડાયા હતા. એ ભાઈનું નામ સુરજ પાંડે. આમ તો મૂળ ઉત્તરપ્રદેશ ના પણ વર્ષોથી અમદાવાદ જ રહે છે. હાલ તેઓ લાંભા વિસ્તારના ઇન્દિરાનગર માં રહે છે.

હા... પરિવારને પણ સ્વપ્ને પણ ખ્યાલ ન હતું કે, ક્યારેય સુરજની સ્થિતિ બદલશે ? પરંતુ સમય જતા હકારાત્મક પરિણામ આપણને અનેક સંભાવનાઓ માટેના દરવાજા ખોલે છે. એવું જ કંઇક સુરજ સાથે બન્યું.

તેના સફરની વાત કરીએ તો, પ્રાથમિક શિક્ષણ તેણે સરકારી શાળામાં લીધું હતું. પરંતુ તે ( MR Mental retardation) હોવાથી આગળ અભ્યાસ માટે પરિવારે હિંમત ન કરી. બીજું તેમને હતું કે, આ માટે જો કોઈ વિશેષ શાળા માટે દુર જવું પડે અને તે શાળા ની ફીસ અને ટ્રાન્સપોર્ટ ની વ્યવસ્થા નો પ્રશ્નએ પણ તેમને પાછા પાડ્યા.

બસ આ રીતે સુરજના શાળા વિના પોતાના દિવસો, વર્ષો પસાર થતા ગયા. આ દરમ્યાન સર્વે કરતા પ્રભાત સંસ્થાના સમુદાય આધારિત પુનર્વસન ના સર્વે દરમ્યાન તેની સાથે પરિચય થયો. આ પરિચય બાદ, તે લાંભા સ્થિત પ્રભાત સેન્ટર પર આવવાની શરૂઆત કરી. અહી તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. અને તેના આધારે તેને ઈનપુટ આપવામાં આવ્યા. તે સંસ્થાના વિવિધ કાર્યક્રમો માં ક્યારેક તેના પિતા તો ક્યારેક નાની બહેન સાથે આવતો હતો.

પ્રભાત સંસ્થા દ્વારા વ્યાવસયિક તાલીમ અન્વયે બાળકોને વિવધ વિષયો પ્રત્યે સમજ આપવામાં આવતી. તો સાથે સાથે આસપાસના નાના-નાના ગૃહ ઉદ્યોગનું અભ્યાસ કરવામાં આવે છે. જેમાં વ્યક્તિની ક્ષમતા પ્રમાણે તે કાર્ય કરી શકે તેની' ઓળખ' કરવામાં આવતી. અને સાથે પરિવારને પણ કાર્ય સ્થળ માટે બાળક જઈ શકે તે પ્રકારનું પરામર્શ કરવામાં આવે છે.

સુરજ સાથે જયારે મુલાકાત કરી ત્યારે તે અને તેના મમ્મી, અને નાની બહેન દરેક કાપડના રોલમાંથી દોરા કાઢવાનું કામ કરી રહ્યા હતા. ઘરે જ સુરજ હવે કામ કરવાનું શરુ કર્યું છે. અને જેમાં એકદિવસમાં ૧૦૦ થી ૧૨૫ જેટલા રૂપિયાનું કામ કરી લે છે. પરંતુ આ પહેલા જયારે તે અન્ય એક કાપડની કંપનીમાં કામ કરતો હતો તેના અનુભવ આપણને ઘણી જ બાબતો તરફ દિશા નિર્દેશ કરી જાય છે કે કઈ રીતે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિને કામના સ્થળ પર બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. સાથે સાથે કામ મળવાથી તે વ્યક્તિ અને પરિવારની સ્થિતિ કઈ રીતે બદલાય છે.?



બે થી ત્રણ મહિના સુરજ ત્યાં કામ પર ગયો હતો. તે ખુબ જ ખુશ હતો . તેને પોતાના કામનું અપેક્ષિત વળતર પણ મળતું હતું. અને જેમાંથી તેણે નક્કી કર્યું કે, પોતાની બે બહેનો, જીજાજી અને ભાણી માટે જ ખર્ચશે. અને બાકીના પૈસા તે તેના ઘરની નજીક આવેલ મંદિરમાં પ્રસાદ કરશે. પોતાની પહેલી કમાણી પોતાના પરિવાર માટે ખર્ચવી જેવા મુલ્યો અને સમજની પ્રતીતિ થાય છે. પરંતુ આ ખુશી લાંબો સમય ન ટકી શકી

વિશિષ્ટ જરૂરિયાત ધરવતા વ્યક્તિ જયારે કામ કરવા જાય છે ત્યારે જે સંવેદનશીલતા અને સમજણનું સમન્વય હોવું જોઈએ તેનો અહી અભાવ હતો. તેની સ્થિતિને જાણવાની અને તેના માટે સંવેદનશીલતા દર્શાવવાની તેમનામાં કદાચ હિમ્મત નહિ હોય કે તેની દરકાર નહિ લીધી હોય.

એક નાનો એવો પ્રસંગ બન્યો, સુરજ જે કટરથી દોરા કાપતો હતો તેને તેની પાસેથી કોઈ કારણસર લઇ લેવામાં આવ્યો અને બીજું આપવામાં આવ્યું. અહી સુરજે પોતાની રજૂઆત કરી અને તેને પોતાના જ કટર થી ફાવશે એવું કહ્યું. પણ આ વાતમાં જે પરિપક્વતા અપેક્ષિત હતી તે ન બની તેને ધુત્કારી ને ‘ના’ પાડવામાં આવી અને સુરજ ખુબ ગુસ્સે થઇ ગયો.

આ ઉપરાંત, સુરજ ના પાડોશી પણ જે આ કારખાનામાં કામ કરતા હતા તેમણે ત્યાના માલિકને જાણ કરી કે, સુરજને ખેંચ આવી જાય છે અને તેને કઈ થઇ જશે તો કોણ જવાબદારી લેશે ? અને તેથી જ આ બાબત થતા માલિકને લાગ્યું કે, સુરજ ને અહી ન રાખવું જોઈએ અને તેમણે તેનો હિસાબ કરી નાખ્યો.

આ ઘટનાઓ આપણને એ જ બાબત તરફ ઈશારો કરે છે કે, વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિ માટે જયારે તેને કામ પર લેવામાં આવે તો બંને પક્ષે એક સમજ સ્પષ્ટ હોવી જોઈએ. તેમની સાથે સંવેદનશીલતા ધરાવતા વાતાવરણની વચ્ચે વ્યક્તિ જવાબદાર રહીને કાર્ય કરશે એવી સમજ માટે એક 'સેતુ'ની જરૂર હોય છે. અહી તે ન થતા સુરજ ને પોતાની આવડત હોવા છતાં પણ કામથી દુર રહેવું પડ્યું.

હવે સુરજ ઘરે જ ગૃહ ઉદ્યોગ નું કામ કરવાની શરુઆત્ત કરી છે. તેના માટે તેના મમ્મી કહે છે કે, અમને ચિંતા નથી તે અમારી સામે જ હોય છે. તેની સુરક્ષાને લઈને અમે નિશ્ચિત હોય તેવું આપણ ને લાગે છે.

સુરજ આ કામ કરવા ઉપરાંત, પોતાની મમ્મીને રસોઈ માટે પણ મદદ કરે છે. તેમની મમ્મી ને 'વિઝન પ્રોબ્લેમ છે એટલે કે, સામે કોઈ ઉભું હોય તો એને એ વ્યક્તિની તસ્વીર ધૂંધળી દેખાય છે. તેમને ખ્યાલ ન આવે કે કોણ વ્યક્તિ છે ? તેથી તેઓ ઘણું કામ કરી શકતા નથી.અને તેની નાની બહેન પણ હવે શાળાનો સમય બદલતા ઘરે તે કામ માટે મદદ નથી કરી શકતી. તેથી છેલ્લા ચાર વર્ષથી સુરજને તેની મમ્મી અને બહેન દ્વારા રસોઈ ના નાના મોટા કામો શીખવવામાં આવ્યા છે. અને તે ઘરમાં મદદ કરી રહ્યો છે.

આ જ માતા સાથે જયારે પૂછવામાં આવ્યું કે, સુરજમાં કામ કરવાની કુશળતા અને આવડત છે તો તેને જો સારી તક મળે તો કામ માટે આપણે બહાર મુકવું જોઈએ? તો તેના જવાબમાં કહે છે કે, તે ભૂલી જાય છે. એકલો બસમાં કે રીક્ષામાં મુસાફરી ન કરી શકે ? તેને ત્યાં કોઈ કહી દે તો ? વગેરે ચિંતાઓની હારમાળા કહી દીધી. કારણ કે તેમને આગળનો કડવો અનુભવ છે.

પરંતુ જે બાળક ઘરે ગેસ પર દાળ મૂકી દે, રોટલી બનાવી શકે, શાક સમારી શકે, બીજા માટે ચા બનાવી શકે છે તો કેમ તે બીજા કામ ન કરે ? તેને જો સ્પષ્ટ સુચના પ્રેમથી આપવામાં આવે તો તે કરી શકે છે. અને આપણને જ આ જ વિશ્વાસ અન્ય બાળકોના પરિવારને પણ આપવું પડશે કે બાળકને યોગ્ય તાલીમ અને પ્રેમથી શીખવાડવામાં આવે તો તે તેની ક્ષમતા મુજબ કામ કરી શકશે.

સુરજના કિસ્સામાં અનેક બાબતો છે જેમાં પાડોશી, સગાસંબંધી , કારખાનાના માલિક કે લાગે કે તેમણે નકારાત્મક ભૂમિકા ભજવી છે . પરંતુ આ નકારાત્મકતા કઈ રીતે નહીવત કરી શકાય તે પ્રયાસ સતત પ્રભાત સંસ્થાનો છે. અને તેથી જ પરિવાર સાથે સમયાંતરે પરામર્શ અને બાળક સાથે રણનીતિપૂર્વક વ્યાવસયિક તાલીમના ઈનપુટ એક અપેક્ષિત પરિણામ તરફ આપણને આગળ લઇ જશે. અને તેની નાની બહેન પણ હવે શાળાનો સમય બદલતા ઘરે તે કામ માટે મદદ નથી કરી શકતી. તેથી છેલ્લા ચાર વર્ષથી સુરજને તેની મમ્મી અને બહેન દ્વારા રસોઈના નાના મોટા કામો શીખવવામાં આવ્યા છે. અને તે ઘરમાં મદદ કરી રહ્યો છે.

## આટલું કરીએ તો ???

• 'Win Win' નો અભિગમ અપનાવીને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિ અને ઉદ્યોગ કે કંપની વચ્ચે 'સેતુ' ની ભૂમિકા  ભજવનાર હોવું જોઈએ.

• પરિવારને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્ત ને લઈને સતત કાઉન્સેલિંગ કરતા રહેવું કે જેથી તેમાં રહેલી કુશળતા અને આવડત ને તેઓ  જોઈ શકે અને વ્યક્તિનું આત્મવિશ્વાસ વધારી શકે.



# વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિની 'સામાન્ય જીવન' જીવવાની સફરની પ્રેરણાદાયી વાત...

એક માતા પોતાના બાળક માટે હવે ખુશ હતા અને તેનું કારણ પૂછતા કહે છે કે, '' નોર્મલી હમ જૈસે જી રહે હૈ, ઐસા જીને કા ઉસકો મૌકા મિલા.. અબ તો ટાઇમ સે ઉઠતા હૈ , દુસરે લોગો કિ તરહ કામ પે જાતા હૈ. '' આ સાંભળીને તમને ચોક્કસ નવાઈ લાગશે કે, એક માતા બસ આ જ કારણસર ખુશ છે ? હા , જે આપણા માટે નોર્મલ છે તે તેમના માટે ' વિશેષ' છે. અહી આપણ ને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિનીએ પરિવારની પીડાને સમજી અનુભવવાની વાત છે. તેમને સમાજ ના મુખ્ય ધારામાં એક વ્યક્તિની જેમ જિંદગી જીવવાના માત્ર સપના જ હોય છે. સમાજની સંકુચિત માનસિકતા અને જાગૃતતાના અભાવને લીધે જાણે અજાણે એક વ્યક્તિ 'સામાન્ય જીવન ' નથી જીવી શકતું.

અહી જે વ્યક્તિની વાત થઇ રહી છે તે પઠાણ આદીલખાન ફિરોઝખાન છે. અમદાવાદના દાણીલીમડા ગામમાં રહે. તે જન્મ થી જ એ રડ્યું ન હતું. અને મહિના સુધી તેને કાચની પેટીમાં રાખવું પડ્યું હતું. તેનો વિકાસ ખુબ ધીમો હતો. સમય જતા પરિવારને ખબર પડી કે તે moderate mental retardation છે. પ્રાથમિક ધોરણ સુધી તેણે અભ્યાસ કર્યો પણ આગળ તે નહિ કરી શકે તેવું શાળા તરફથી કહેવામાં આવ્યું અને તેને કોઈ ટ્રસ્ટમાં મુકવામાં આવ્યો. ત્યાં જ તે પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ મેળવતો ગયો.

સમય પસાર થતો ગયો અને પ્રભાત સંસ્થામાં તે આવવા લાગ્યો. અહી તેને પ્રી વોકેશનલ ટ્રેનીંગમાં જ લેવામાં આવ્યો.. અને તેની સાથે તેના સાઈકોલોજીકલ ટેસ્ટ મુજબ વ્યક્તિગત આયોજન બનાવવમાં આવતું હતું.. તેને કઈ રીતે શીખવવું અને શું શીખવવું કે જેથી તે ભવિષ્યમાં અન્ય પર આધારિત ન રહે. આ માટે તેની સાથે વિવિધ સ્તરે કાર્ય કરવામાં આવ્યું. તેને તેના વર્તન વ્યવહાર શીખવવાથી લઈને પૈસાની આર્થિક લેવડ દેવડ માટે નિયમિત રીતે વ્યવહારિક જ્ઞાન આપવામાં આવતું. આ સાથે તેને સંસ્થામાં ચાલતા કેફેટેરીયા અન્વયે ખાસ તાલીમો આપવામાં આવી હતી.

જેમાં પ્રભાત સંસ્થા નિષ્ણાતોની સલાહ અને અન્ય વ્યવસાયિક તાલીમ આપનાર સંસ્થાઓનું માર્ગદર્શન લઈને એક સંપૂર્ણ અભ્યાસક્રમ બનાવેલ છે. જેમાં આદીલ જેવા અનેક બાળકો રોજગાર તરફ આગળ વધે તે દિશામાં પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ અભ્યાસક્રમમાં આ પ્રમાણેના વિષયોને આવરી લેવાયા છે. 1. સ્વયમ અને પરિવારની જાગૃતતા , ૨. કાર્ય સ્થળ અને કામનું શેડ્યુલ , ૩. વ્યક્તિગત સ્વચ્છતા , 4. કાર્ય સ્થળ પર વર્તણુક (જેમાં શિષ્ટાચાર અને નમ્રતાનો સમાવેશ કરવામાં આવે છે. ) 5. નિયમિતતા અને શિસ્તતા , 6. સંદેશાવ્યવહાર અને સામાજિક વર્તણુક , 7. કાર્યની ગુણવતા અને પ્રમાણ ,8 . જેન્ડરનું શિક્ષણ , 9. . અધિકારોની સમજ અને 10 . સ્વની સુરક્ષા આ વિષયોને વિવિધ પ્રવૃતિઓમાં ઢાળીને બાળકને તેનું શિક્ષણ આપવામાં આવે છે. જેના ભાગરૂપે તેને વાસણો ની ઓળખથી લઈને ચા બનાવવું, શાકભાજી સમારવું , મિક્ષ્ચર ચાલવવું જેવા કામો શીખવાડવામાં આવ્યા. આ દરેક માટે કામને વિવિધ ભાગોમાં વહેંચીને એક પછી એક પ્રવૃત્તિ દ્વારા શીખવવામાં આવતા. તે જયારે સંસ્થામાં કરે તેનો વિડીયો રેકોર્ડીંગ થાય અને તેના મમ્મી સાથે શેયર આવતો. અને તેના મમ્મીને પણ ઘરેએ પ્રકારની પ્રવૃતિઓ કરાવવાનું કહેવામાં આવતું.

આ બધા પાછળ ઉદેશ્યએ જ હતો કે, બાળકમાં એક એવી કુશળતા વિકસિત થાય કે જેના દ્વારા તે અન્યને ઉપયોગી કાર્ય કરાવી શકે. અને એ પ્રકારના કામમાં પણ તે આજીવિકા મેળવી શકે.

ઘણીવાર વિશિષ્ટ જરૂરિયાત ધરવતા બાળક / પુખ્ત વયના વ્યક્તિ ‘ કશું નહિ કરી શકે ‘ એ સંકુચિત વિચારધારાને લીધે ક્યારેય તેમને સમાજના મુખ્ય ધારાનો ભાગ નથી માનવામાં આવતું. અને ત્યારે જ આદીલના મમ્મીને આગળ કહ્યું તેમ , પોતાનું બાળક એક સામાન્ય જિંદગી બસ જીવે તેવું ‘સ્વપ્ન ‘રાખવું પડે છે.

આદીલને કેફેટ એરિયાની સાથે એના વ્યક્તિગત પસંદગી અને અધિકાર બાબતે પણ સજાગ કરવામાં આવ્યો છે . જેમાં લાગ્યું કે તેને ગાવાનો શોખ છે અને પ્રભાત દ્વારા તેનો વિડીયો આલ્બમ પણ લોન્ચ કરવમાં આવ્યો. આ પ્રકારના પ્રયાસો બાળકને એક પરિપક્વ વ્યક્તિત્વ તરફની દિશા તરફ આગળ લઇ જાય છે. અને તે આદીલમાં આજે જોઈ શકાય છે.

આ દરેક પ્રક્રિયામાં એમના મમ્મીએ ખુબ જ મહત્વની ભૂમિકા ભજવી છે. મારાં બાળકને પણ રસોઈનું કામ શીખે અને તે મને ઘરે મદદ કરે એવું તે વારંવાર કહેતા અને એવો સમય પણ આવ્યો કે, આદીલ તેના મમ્મી માટે ચા બનાવે, રસોઈમાં મદદ કરે. અહી કોઈ પ્રવૃત્તિ શીખવાની વાત નહિ પણ એક સમાજમાં સમાનતાના મુલ્યને શીખવવાની વાત છે દિકરો અને દિકરીના કામમાં કોઈ ભેદ નથી અને દરેક કામ દરેકને આવડવું જોઈએ એવા ઘડતરની વાત છે. જે આદીલમાં પ્રભાત અને તેના માતા દ્વારા મુલ્ય સિંચન થયું છે. આદીલને Norquest Brands નામની ઇકો ફ્રેન્ડલી બેગ બનાવતી મેન્યુફેકચરીંગમાં જવાનું હતું. આ કંપની મોટા પાયે બેગના વૈશ્વિક સપ્લાયર છે.

જયારે આદીલ માટે કાર્ય કરવા માટેની વાતની જાણ તેના પરિવારને થઇ ત્યારે ઘરના લોકોમાં ખુશીનો માહોલ થયો હતો. ચોક્કસ થોડા પ્રશ્નો હતા પણ તેને ઉકેલ તેમને ખબર હતી કે મળી જશે. તેના મમ્મી કહે છે કે, અમે કંપની જોવા ગયા અને ત્યાનું વાતાવરણ જોયું. અને તે જોતા જ લાગ્યું કે , મારું બાળક અહી કામ કરી શકશે. મેં પૂછ્યું કે આપને એવી કઈ વિશેષ બાબતો ત્યાં લાગી , તો કહે છે કે, ‘’ સભી લેડીસ વર્કર હૈ તો લગા કિ વો શાયદ મેરે બચ્ચે કો સમજેગી , અગર જેન્ટ્સ લોગ હો તો શાયદ તમાકુ ખાને લગ જાયે. વ્યસન શીખ લે ?.. પર હમે ટેન્શન કમ હો ગયા થા. ‘’ આ વિચાર એમનો હતો પણ એવું જ થયું, આજે એક વર્ષ બાદ, આદીલ તે વાતાવરણ માં અનુકુળ થઇ ગયો છે. તે નિયમિત જાય છે. અને તેને એક વર્ષ બાદ, કાયમી કરવાની વાત પણ થઇ છે.

આદિલ સાથે વાત કરતા તે એક વ્યસ્ત વ્યક્તિની જેમ આપણને તેનો શેડ્યુલ જણાવે છે અને ખાસ કરીને રજાના દિવસોમાં કઈ રીતે તે આરામ કરે છે અને આસપાસ મળવા જાય છે તે કહે છે. આ વાતથી લાગે છે કે, તેની વ્યસ્તતા તેને એક ‘મહત્વનો વ્યક્તિ’ છે એવું ફિલ કરાવે છે. જે તેમના માટે ખુબ સારું રહે છે. આ સાથે તે પોતાના સાથી ઋત્વિકને કામની જગ્યાએ કઈ રીતે મદદ કરે છે તેની વાત પણ કરે છે. અહી વ્યક્તિમાં પણ એવું કંઈક છે જે બીજાને મદદ કરી શકે છે. અને આ હકારાત્મક ‘અહમ ‘ તેનામાં હવે આવ્યો છે. અને તેથી જ તે જવાબદાર પણ બન્યો છે.



ચોક્કસ જયારે તેને કામ માટે જવાનું નક્કી થયું હતું ત્યારે તેમના મમ્મીને ચિંતા થતી હતી  કે, મારું બાળક કેવી રીતે જશે ? ત્યાં લોકો એને સ્વીકારશે કે નહિ ? આવા અનેક સવાલો હતા પણ અમુક સવાલના જવાબ પ્રભાતની સાથે કાઉન્સેલિંગ કરતા ઓછા થયા જેમકે, કોઈ પરિચયમાં હોય એની પાસે રીક્ષાનું નક્કી કરવામાં આવે. અને એવું જ થયું તેની સાથે ઋત્વિક  અને બંને એક પરિચયમાં હતા એમની રીક્ષામાં જવાનું નક્કી કર્યું. જેનો તેમને હાશકારો થયો. બીજા સવાલના જવાબ ‘સમય‘ સાથે પણ મળ્યાં.  ચોક્કસ તેના માટે તેમને ‘ધીરજ ‘ રાખવી પડી. જેમ કે, બાળકને સ્વીકારવાની બાબત હતી જે આજે સાચી પડી. આદીલ કહે છે ; તેના ત્યાં મિત્રો બની ગયા છે. મને પણ હતું કે હું બીજાની જેમ કામ કરવા જઉં તો આજે એ થયું છે. ‘’ આમ , મહેનત, સમય અને ધગશ દ્વારા પરિણામ આજે મળ્યું છે.

એક વર્ષમાં આદીલમાં કોઈ બદલાવ તમે જોયો છે તો તેની માતા અનેક બાબતો તે ગણાવે છે, જેમ કે, હવે તે એક જવાબદાર બન્યો હોય એવું વર્તન કરે છે, ક્યાં અને કેટલું બોલવું તેની સમજ આવવા લાગી છે, તે વ્યસ્ત રહ્યો છે અને ઉર્જા આવી છે. ‘’ આમ, દેખીતી રીતે જે વ્યક્તિ કામ કરવા જાય છે તેને માત્ર આર્થિક બાબત સાથે ન જોડતા અનેક પરિણામો તેના અને તેની સાથે જોડાયેલ વ્યકિતના જીવનમાં આવે છે. આપણે એક એવા સમાજની રચના કરવામાં યોગદાન આપીએ કે જ્યાં દરેકના જીવનમાં હકારાત્મક પરિણામ આવી શકે.

## અનુભવો આપણને આગળની રાહ ચીંધે છે...

• વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા પુખ્ત વયના વ્યક્તિના કામની સ્થળે તે બીજા લોકો પાસેથી ન શીખવાનું શીખી લેશે એવો ‘ ડર ‘ માતાપિતાને સહજ હોય છે ત્યારે કામની જગ્યાનું વાતાવરણ અને તેમની સાથે પરામર્શ તે ડર ને ‘દુર ‘ કરવાનું કામ કરી શકે છે.

• વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિના કાર્ય સ્થળ પુરતું નહિ પણ ત્યાં સુધી પહોચવા માટેના પ્રશ્નો પરિવાર માટે સતાવે છે. ત્યારે વાહન વ્યવહાર માટે ચોક્કસ બાબતો વિચારવી પડશે.

• વિશિષ્ટ જરૂરિયાત ધરવતા વ્યક્તિના કૌશલ્ય અને ક્ષમતા મુજબનું કામ આપતા તેનો ઉત્સાહ જળવાઈ રહે છે પણ સાથે સાથે સહ કર્મચારીને આ બાબતે પહેલેથી જ માહિતી આપવી જરૂરી છે જેથી સંવાદિતતા જળવાઈ રહે.



# પિતાના વ્યવસાયમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા યુવાન પુત્ર 'ખભે ખભા' મળાવી કાર્ય કરીને અન્ય માટે પ્રેરણારૂપ બની રહ્યા છે

અમદાવાદના લાંભા વિસ્તારના ઇન્દિરાનગર -૨ માં ક્યારેક સંતોષી ટાયર સર્વિસ પર જાઓ અને એક 26 થી 27 વર્ષનો યુવાન તમને સાયકલ, રીક્ષા તો ક્યારેક એકટીવાના પંચર બનાવતો જોવા મળશે. સાવ જ સહજએ ઘટના લાગે પણ જયારે ખબર પડે કે એ યુવાન MR (Mental retardation )છે. જ્યા સામાન્ય લોકો વિચારે કે આનથી કશું નહિ થાય ત્યારે આ યુવાન તેના પિતાને તેમના વ્યવસાયમાં સરખે સરખો ટેકો કરતો જોવા મળે. આ યુવાન એટલે હિતેશ દેવદત ભાઈ.

હિતેશ માત્ર પ્રાથમિક શિક્ષણ પણ પુરતું ન લઇ શક્યો. પરિવારનો એકનો એક દિકરો. ચિંતા સેવ્યા કરે કે મોટો થઈને શું થશે ? તેમના પિતાની ગેરેજની દુકાન ભાડે હતી. ઘરની આર્થિક સ્થિતિ આમ મધ્યમ પણ પત્નીની બીમારી, બાળકની દવા વગેરેને લીધે તેમને પોતાનું ઘર પણ વેંચવું પડ્યું અને તેનાથી નાનું મકાન લઇ જીવન પસાર કરવા લાગ્યા. આ બધી સ્થિતિમાં હિતેશ તેના પિતા સાથે ગેરેજ પર આવવા લાગ્યો. દરરોજ પપ્પાને કામ કરતા જોતો અને એ બધા સાધનોથી રમતો રમતો એક દિવસ એવો આવ્યો કે તેના પિતાની તાલીમને લીધે તે સાયકલ, રીક્ષા અને એકટીવાના પંચર બનાવવાનું શીખી ગયો. જે બાળકની ચિતા સેવ્યા કરતી હતી આજે તે પિતાની સાથે કામ કરવા લાગી ગયો હતો.

જીવનમાં ઘણાં ઉતાર ચઢાવ હિતેશના પિતાએ જોયા હતા, બાળકની ચિંતા અને કુદરત તરફથી ઘણી વાર નારાજગીને લીધે ઘણીવાર હિતેશના પિતા નિરાશા અનુભવે છે. પરંતુ જયારે એની સાથે સંવાદ કરીએ ત્યારે જાણી શકીએ કે, પિતા તરીકે આજે પોતાના દિકરાને તેમણે એ રીતે તૈયાર કર્યો છે કે જે સ્વમાનભેર પોતાનું અને તેની માતા નું ગુજરાન ચલાવી શકે છે.



એક સફળ પિતાની ભૂમિકા ભજવતા આપણે તેને જોઈ શકીએ છીએ અને બીજાને પણ તે પ્રેરણા આપનાર લાગે.

હિતેશ સાથેની મુલાકાત પ્રભાત સંસ્થાના કાર્યકર જયારે સર્વે માટે ગયા હતા ત્યારે તેમના ઘરે થઇ. હિતેશની સ્થિતિ જોતા પ્રભાત સંસ્થા દ્વારા ચાલતા CBR - comunity based rehabilation માધ્યમથી તેને જોડવામાં આવ્યો હતો. CBR અન્વયે તેના પરિવારની સામાજિક, આર્થિક, શારીરિક દરેક પરિસ્થિતિનો અભ્યાસ કરવામાં આવે છે. જેમાં સૌ પ્રથમ બાળકનું મેડીકલ સર્ટીફીકેટ લેવાની પ્રક્રિયા કરવામાં આવે છે. અને ત્યારબાદ સરકારી જે પણ યોજનાઓ મળવાપાત્ર છે તે અપાવવા માટેની પ્રક્રિયા કરવામાં આવે છે.

વ્યવસાયિક તાલીમ અન્વયે સ્થાનિક ઉદ્યોગોની સાથે પણ સંકલન કરવામાં આવે છે જેમાં બાળકોને તે અન્વયે તાલીમ આપવામાં આવે છે. આ પ્રક્રિયાની સાથે તેના પરિવારની સાથે પણ આત્મીય પૂર્ણ સંબંધો વિકસાવવામાં આવે છે જેમાં તેની સાથે બાળકના સંદર્ભમાં તેના વ્યવહાર અને કામને લઈને પરામર્શ કરવામાં આવે છે. જેમાં બાળકને આત્મવિશ્વાસ અપાવવું, વિશ્વાસ રાખવાની વાત કરવામાં આવે છે.

હિતેશ માટે પણ એ જ બાબતને લઈને પ્રક્રિયાઓ કરવામાં આવી. આ અન્વયે તે પિતા સાથે ગેરેજ પર કાર્ય કરતો હતો ત્યારે રોજગાર માટે ગેરેજની કેબીનની સહાય કરાવવામાં આવી. તો વીજળી કનેક્શન પણ ફ્રી લેવાની પ્રક્રિયા કરવામાં આવી. આ સાથે તેને તેની પેન્શન યોજના, એસ.ટી. પાસ, રેલ્વે પાસ, તથા અન્ય સહાયક યોજનાઓ માટે તેમને મદદ કરવામાં આવી છે. હિતેશના પિતાને આ કારણે ઘણો જ ટેકો મળ્યો છે.

પ્રભાત સાથેના સંપર્કને પરિણામે હિતેશના વ્યવહાર, આત્મવિશ્વાસ, કાર્ય કુશળતાને લઈને એની સાથે પ્રક્રિયા કરવામાં આવી છે. આજે હિતેશ પોતાના અનુભવો કહી શકે છે અને કહે છે કે, તે નવું શીખવા હમેશા તૈયાર હોય છે. અન્ય સાથેની વાતચીતમાં આપણે તેના આત્મવિશ્વાસને જોઈ શકીએ છીએ.

આ સફરમાં તેના પિતાનો ફાળો ખુબ મહત્વનો છે. તે કહે છે કે, આજે હિતેશ કોઈ પણ વાહનના પંચર કરી આપે છે. સાથે પૈસા પણ ગ્રાહક પાસેથી લઈ લે છે. તેને આપવામાં આવતી સુચનને તે અનુસરી શકે છે. પિતા ના ખભે ખભા મળાવીને કામ કરતા આ પિતા – પુત્રની જોડીને જોઇને આપણ ને લાગે કે, જે બાળકને આત્મનિર્ભર બનાવવા અને ભવિષ્યને સુરક્ષિત કરવા માટે પિતાની જવાબદારી હોય છે તેને તેના પિતાએ બખૂબી નિભાવી છે. તેના પિતા કહે છે કે, હિતેશ આખા દિવસના ૨૦૦ થી ૩૦૦ રૂપિયા કમાઈ શકશે તેથી જ મારી ગેરહાજરીમાં તે ગુજરાન ચલાવી શકશે એની નિશ્ચિતતા છે.

આમ, બાળકમાં આવડતનો વિકાસ કરીને તેને આત્મનિર્ભર બનાવવાની સફરમાં પિતાની સાથે પ્રભાતના માર્ગદર્શન અને પથદર્શક બની રહ્યું છે.

**વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિમાં પરિવાર વિશ્વાસ રાખીને, તેને તાલીમબદ્ધ કરીને**
**જયારે પોતાના વ્યવસાયમાં જોડે ત્યારે તે વ્યક્તિને આત્મનિર્ભર બનાવવા તરફ આગળ લઇ જાય છે.**

# વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિના જીવનમાં: પરિવારનો પ્રેમ, યોગ્ય તાલીમ અને કાર્ય સ્થળ પરની સંવેદનશીલતાનો ત્રિવેણી સંગમ...

જયારે ઓફીસ માટે ટીફીન લઇ સરસ તૈયાર થઇને તે નીકળ્યો ત્યારે ઘરના લોકોનો ખુશીનો પાર ન હતો. જેનો સ્વપ્ને પણ વિચાર નહોતો કર્યો તે ખરેખર બન્યું હતું. વાત કરી રહ્યા છીએ, 23 વર્ષના એક એવા યુવાનની કે શાળા તો માત્ર એકાદ બે વર્ષ જ જઈ શક્યો. બીજા લોકોના મજાક અને શાળા તરફથી મોળો પ્રતિસાદને લીધે શાળામાંથી તેનો નાતો 'તુટી' ગયો. અહીં તેનો શાળાથી સંબંધ તૂટી ગયો હતો પરંતુ શિક્ષણથી નહી.

આ યુવાન એટલે સોલંકી ઋત્વિક જયેશભાઈ. તે ને moderate mental retardation એટલે મધ્યમ પ્રકારની માનસિક મંદતા છે. જેને લીધે તેને બીજા સાથે વાતચીત કરવામાં, હળવા મળવામાં , પોતાના દરરોજના કાર્યો કરવા માટે તેને મુશ્કેલી પડતી હતી. બીજા લોકોની સાથે તે ઝડપથી તાલમેલ નહોતો બાંધી શકતો. અને સાથે બોલાવમાં પણ મુશ્કેલી પડતી હતી.

સાતેક વર્ષનો હશે ત્યારે પ્રભાત સાથે તેનો ભેટો થયો તે આજ સુધી બની રહ્યો. જીવન જીવવા માટેની જે પ્રાથમિક જરૂરિયાતની બાબતો શીખવાની હોય કે જેથી બાળક અન્ય પર આધારિત ન રહે તે રીતે ઋત્વિકને તૈયાર કરવામાં આવ્યો. સાથે સ્પીચ થેરાપી , શૈક્ષણિક જ્ઞાન પણ આપવામાં આવતું. તે શાંત અને આપણે કહીએ તે સુચના માને એવું બાળક હતું. આ સાથે પોતાની વાત મુકવી અને સામેથી રજૂઆત કરવી તે કરવામાં તેને મુશ્કેલી થોડી પડતી. એટલે તાલીમ દરમ્યાન તેની સાથે ખાસ કરીને તેના આત્મવિશ્વાસ માટે સંવાદો કરવામાં આવતા. પોતાનાથી નાનાને મદદ કરવાથી લઇને બીજાની કઈ રીતે મદદ લેવી તે બાબતો પણ તેને વિવિધ પ્રવૃતિઓ દ્વારા સમજાવવામાં આવતી.

ગમ્મત સાથે જ્ઞાન અને પ્રેમ , હુંફ થી તેનું જીવન ઘડતર થયું. કોઈ પણ સુચના આપવામાં આવે તેને તે સમજી અને તે મુજબ વર્તન કરી શકે એ રીતે એ તૈયાર થઇ ગયો હતો.અને તેથી જ સમય આવ્યો કે તેને વ્યવસાયિક તાલીમમાં જોડી અર્થોપાજન માટેની દિશા તરફ તેને લઇ જવો. પ્રી વોકેશનલમાં તેની સાથે આંકડા અને ગણતરથી લઈને, સંદેશાવ્યહાર , વર્તન , બજારમાં ખરીદી, પોતાની પસંદગી અને તેની રજૂઆત, ટીમ સાથેના સંબંધોને લઈને વિવિધ પ્રવૃતિઓ દ્વારા સમજ આપવામાં આવી હતી.

સ્થાનિક ગૃહ ઉદ્યોગને ધ્યાનમાં રાખીને બાળકોની સાથે પ્રવૃતિઓ કરવામાં આવતી જેથી તેઓ તેને પોતાના ઘરે પણ કરી શકે. જેમ કે, ચમચી પેકિંગનું કામ હોય, પતંગ બનાવવાનું કામ હોય વગેરે. અને આ બધું શીખવવા માટે કોઈ ઓબ્જેક્ટ સાથે અને પછી વાસ્તવિક અનુભવ કરાવવામાં આવતા. ગણતરી શીખવવામાં આવતી. કોઈ ચોક્કસ અંકને ગણીને વસ્તુને પેકિંગ કરવાનું શીખવવામાં આવતું જેથી તે ગણતરી પણ શીખે અને સાથે તેને સમાન વસ્તુની ખબર પણ પડે. બીજું તેને અંકનું જ્ઞાન માટે દરરોજ વિવિધ પ્રવૃત્તિ સાથે

અઠવાડિયે એક વખત તો બજારનો અનુભવ કરાવવામાં આવ્યો છે. આ રીતે તેને પ્રેક્ટીકલ જ્ઞાન આપવામાં આવ્યું. અને તે આપણે જોઈ શકીએ કે તે બહાર અજાણી જગ્યાએ પોતાના માટે વિચારો મૂકી શકે. આ માટે ઋત્વિકના સ્તર પ્રમાણે તેને verbal prompting જરૂર પડતી હતી. પરંતુ અંતે સફળતા મળી અને તે બાબતને સમજી શક્યો.

તેની સ્થિતિને ધ્યાનમાં લઈને એનું વ્યક્તિગત ગોલ સેટ કરવામાં આવ્યો હતો. અને સમયાંતરે તેનું મૂલ્યાંકન પણ થતું જેથી તેનામાં થઇ રહેલ પ્રગતિને જોઈ શકાય. અને જ્યાં લાગે ત્યાં ફેરફાર પણ કરી શકાય. ખાસ કરીને ઋત્વિકના કિસ્સાની વાત કરીએ તો તે શરમાળ અને આપણી સૂચનનું પાલન કરે એવું બાળક હતું એવું તેના special educator કહે છે કે, તેને સામુહિક પ્રવૃત્તિ, ઉત્સવની ઉજવણી વગેરેમાં તેને નાનાને મદદ કરવી , મદદ લેવી, હળવું મળવું વગેરે શીખવવામાં આવતું. એને કહેવામાં આવતું કે તું કરી શકે છે તો જે બીજા ને મુશ્કેલી છે તો આપણને મદદ કરવી જોઈએ. અને તેથી જ તે નાના બાળકોને પાણી ભરી લાવવું, બાથરૂમ માટે લઇ જવું વગેરે કામો એને સોંપવામાં આવેલ.' આ બધી જ બાબતો તેને હાલ કાર્ય સ્થળ પર કામ લાગે છે. પોતાના સહ કર્મી સાથે કઈ રીતે વર્તન કરવું તે શીખી શક્યો છે. અને તેથી જ તેના વર્તન સંબંધિત ઈશ્યુ નથી આવતા.

આમ, તેની વ્યાવસયિક તાલીમ પૂર્ણ થયા બાદ, જયારે પરિવાર સાથે આ બાબતે વાત થઇ કે કંપનીમાં તેને જો કામ માટે મુકવામાં આવે તો ? સાંભળીને મિશ્ર પ્રતિસાદ પરિવાર તરફથી આવ્યો. તેમને વિશ્વાસ ન હતો કે, ઋત્વિક આ રીતે અજાણી જગ્યા પર કામ માટે જઈ શકે ? પણ એક વ્યક્તિ હતી કે જેને પુરેપુરો વિશ્વાસ હતો,,, સ્વાભાવિક છે તે બીજું કોઈ નહિ એના મમ્મી જ હતા. એના મમ્મી કહે છે કે '' મારાંથી દુર કરીશ તો તે હોશિયાર થશે. પોતાની જાતે કામ કરવાની ખબર થશે. મને ખુબ આનંદ થયો . એની જિંદગી સુધારી જશે એમ વિચારીને તેને મૂકી દીધો.



ઋત્વિકને જે કંપની માં મુકવાની વાત હતી તેનું નામ છે, Norquest Brands આ કંપની ઇકો ફ્રેન્ડલી બેગના મોટા પાયાના વૈશ્વિક સપ્લાયર છે. તેની ખોખરા સ્થિત મેન્યુફેકચરીંગ માં તેને જવાનું હતું.

જયારે પહેલી વખત કંપનીમાં તેમણે મુલાકાત લીધી. ત્યારે તેમને દરેકનો વ્યવહાર અને વલણ ખુબ સારા લાગ્યા. એમના મમ્મી કહે છે કે, અમારા બાળકોને જયારે કામ માટે રાખવા કોઈ તૈયાર થાય છે તો સારું છે.

અહી ચોક્કસ આપણને થાય કે, વ્યક્તિમાં કુશળતા હોય અને તેને દરેક જગ્યાએ કામ કરવા માટે એક અવસર મળે તો તે પોતાની જાતને પુરવાર કરી બતાવે છે. પણ આવા અવસરો મળવા મુશ્કેલ હોય છે અને તેને લીધે જે સંભાવનાઓ આપણે તે બાળકોમાં છે તે બહાર નથી આવી શકતી.રીત્વિકના કિસ્સામાં જોઈએ તો પ્રથમ તેને માત્ર બેગ ને એકત્રીક (થપ્પી) કરવાનું શીખવવામાં આવ્યું અને તેણે તે કામ ખુબ ઝડપથી ગ્રાહ્ય પણ કરી લીધું.

તે ચોકસાઈ થી એ કામ કરવા લાગ્યો. અને તે જોતા પછી તેને માલ લેવા માટે, દોર કટિંગ કરવાનું કામ પણ આપવામાં આવ્યું જેને પણ તે સારી રીતે કરવા લાગ્યો છે. આપણે જો વિશ્વાસ મુકીએ અને શીખવાડવાની પ્રક્રિયા કરીએ તો ચોક્કસ આપણને પરિણામ મળે છે. નહીતર તેને પહેલા અજાણી વ્યક્તિ સાથે વાત કરવી તેના માટે તે તૈયાર ન હતો. પણ કંપનીના વાતાવરણ ને લીધે અને ઘણાં અજાણ્યા લોકોના સંપર્કમાં આવતા હવે તે વધારે ‘સામાજિક ‘ બની ગયો છે. એટલે જાહેર સ્થળો અને લોકોની વચ્ચે તેમને જગ્યા મળવી જરૂરી છે. અને તેના ન દેખીતા ફાયદા ઘણાં થાય છે. જયારે બાળકને આપણે કામ પર મુકવા માટેની પ્રક્રિયા કરીએ છીએ ત્યારે ચોક્કસ દરેકને પોતાની ભૂમિકા ભજવવી પડે છે. જેમાં પરિવારની વાત કરીએ તો ઋત્વિકના પરિવાર પણ તેને તૈયાર કર્યો. પહેલા તો હિંમત કરી કે બાળકને અજાણી જગ્યાએ મૂકી શકાય અને તે કરી શકશે તેવો વિશ્વાસ રાખ્યો. સાથે ત્યાં ના વાતાવરણ માટે તેમણે બાળકને પણ તૈયાર કર્યું. તેને તે વાતાવરણમાં.

એક વર્ષ બાદ, ઋત્વિકમાં બદલાવ પણ આવેલ છે. જે પરિવારે પણ નોંધ્યો છે. તેનામાં આત્મ વિશ્વાસ વધ્યો છે. શરૂઆત માં એને ફોન કરતી અને પૂછવા માટે પણ હવે તો ફોન પણ નથી કરતી. બસ બધું ગોઠવાઈ ગયું છે. આજુબાજુ ના લોકો નો વ્યવહાર અને સોચ પણ બદલાય જયારે તેઓ આ પ્રકારનું બદલાવ જુએ છે. આમ, એક પહેલ અનેક સ્તરે નાના મોટા બદલાવ લાવે છે.

આ સાથે ઋત્વિક એક વર્ષ સુધી કંપનીમાં જે હજી સુધી ટકી શક્યો છે તો તેની પાછળના પ્રોત્સાહનને પણ સમજવું જરૂરી છે તેમાં તેના પરિવારની સાથે કંપનીના સાથીઓ અને મેનેજમેન્ટને પણ લઈને પણ અનેક બાબતો તેના પરિવાર અને ઋત્વિકના અનુભવ છે. આ જ બાબત ને લઈને એક ઘટના તેના પરિવારના સભ્યો એ કહી.

એક દિવસ સાંજે જયારે રીત્વિક કંપનીથી પાછો આવ્યો ત્યારે તેના ચહેરા પર દરરોજ કરતા વધારે ચહેરા પર ‘ખુશી’ હતી. તરત પૂછ્યું કે શું થયું ? આજે તેનો જન્મદિવસ હતો અને ત્યાં બધા ભેગા થઈને કેક લઇ આવ્યા અને કેક કટિંગ કર્યું. આ ઘટના બિલકુલ નાની ન હતી ઋત્વિક  માટે અને તેના પરિવાર માટે. કદાચ તેના સાથે કામ કરનાર લોકોને ખબર પણ નહિ હોય પરંતુ તેની હકારાત્મક અસર થઇ હતી. તેને પોતાના મિત્રો બન્યા છે તેના માટે કોઈએ ખાસ કર્યું તેનો અહેસાસ થતા તે પણ મહત્વનો વ્યક્તિ છે એવું તેને થયું. આમ, આ પ્રકારના કામના સ્થળના અનુભવો કે મજબુત જોડાણ વ્યક્તિ સાથે કરાવી લે છે. તેને હવે કામની જગ્યા સાથે આત્મીયતા આવે છે અને સાથી કાર્યકરો સાથે પણ લાગણી થી જોડાય છે. આ ઋત્વિક ના કિસ્સામાં સ્પષ્ટપણે આપણે જોઈ શકીએ છીએ.

આ સમગ્ર સ્થિતિ માટે સમય અને ધીરજ જો આપવામાં આવશે તો ચોક્કસ પરિણામ મળી શકે છે. આ સાથે આપણને શી અપેક્ષા હોય છે તે પણ જરૂરી છે. માતા પિતા તરીકે પૈસા કમાવવા ની સાથે બાળકમાં આત્મવિશ્વાસ થી કામ કરે છે તે જ મહત્વનું હોય

**આટલું કરીએ તો...**

**વિશિષ્ટ જરૂરિયાત વ્યક્તિના પ્રોત્સાહન વધારવા માટે  કંપની તરફથી વ્યક્તિ ના સારા પ્રસંગે તેની ખુશીમાં સામેલ થઇ શકે છે.જેમ કે, જન્મદિવસ ની નાની એવી ઉજવણી કરીનેવિશિષ્ટ જરૂરિયાત વ્યક્તિમાં આત્મીયની લાગણી જન્મે છે. જે જે બંને તરફથી ફાયદાકારક સાબિત થશે.**

## સોહેલની સફરે નિશ્ચિત કર્યું છે કે ,‘ઇકોસીસ્ટમ’ માં જોડાયેલ દરેક વ્યક્તિ પોતાની ભૂમિકા ભજવશે તો પરિવર્તન ચોક્કસ આવશે..

વિશિષ્ટ જરૂરિયાત ધરવતા યુવાનની જયારે વાત તેના માતા પાસે સાંભળતા હોઈએ અને તે કહે કે, ‘’અલ્લાહ કા શુકર હૈ અબ ઉસકી કભી જેબ ખાલી નહિ રહેતી’’ ત્યારે ચોક્કસ આનંદ થાય છે. પણ સ્થિતિ સુધી પહોચવાની સફર ખરેખર અન્ય માટે પણ પ્રેરણા આપનારી છે. આ યુવાન એટલે સોહેલ અયુબખાન પઠાણ. જે હાલ સંજર પાર્ક, બેરલ માર્કેટ અમદાવાદમાં તેના પરિવાર સાથે રહે છે. એનાસફરની વાત આજે કરીએ કારણ કે સોહેલ કે જેને મુખ્ય ધારાની શાળાનું શિક્ષણ તો ન મળી શક્યું. પણ આજે તેનું એવું તો ‘ઘડતર’ થઇ શક્યું છે જેને લીધે તે રોજગાર કરી રહ્યો છે.

તે MR ( mental retardation) છે અને તેથી જ તે નાનપણથી અન્ય બાળકો સાથે તેને રહેવામાં, સામાજિક થવામાં મુશ્કેલી પડતી હોવાથી શાળા એ તો તે ન જઈ શક્યો પણ પ્રભાત સંસ્થામાં તેનું એડમીશન થયું. શરૂઆતમાં તો તેને પ્રભાત સેન્ટર ના એકડમિક લર્નિંગ તેને કરવામાં આવ્યું. અને સાથે પોતાની દૈનિક જીવન ચર્યા ની ક્રિયાઓ તે જાતે કરી શકે તે રીતે તેને તૈયાર કરવામાં આવ્યું. તેને જે જે બાબતો શીખવવામાં આવતી તે રસપૂર્વક શીખતો અને તેનું પાલન પણ કરતો. તેથી જ તેના વ્યક્તિગત આયોજન જે બનતા અને તે પ્રમાણે તેનામાં અપેક્ષિત પરિણામ પણ આવવા લાગ્યું.

તેથી જ સમય જતા તેની સાથે પ્રી વોકેશનલ ટ્રેનીંગ અન્વયે ઈનપુટ આપવાના શરુ કરવામાં આવ્યા. આ ઈનપુટ માં એવા અભ્યાસક્રમનો સમાવેશ થાય છે અન્ય નિષ્ણાતોની સલાહ અને અન્ય વ્યવસાયિક તાલીમ આપનાર સંસ્થાનોનું માર્ગદર્શન લીધેલ છે. આ અભ્યાસક્રમ માં આવતા વિષયો જેવા કે, 1. સ્વયમ અને પરિવાર ની જાગૃતતા , ૨. કાર્ય સ્થળ અને કામનું શેડ્યુલ , ૩. વ્યક્તિગત સ્વચ્છતા , 4. કાર્ય સ્થળ પર વર્તણુક (જેમાં શિષ્ટાચાર અને નમ્રતા નો સમાવેશ કરવામાં આવે છે. ) 5. નિયમિતતા અને શિસ્તતા , 6. સંદેશાવ્યવહાર અને સામાજિક વર્તણુક , 7. કાર્યની ગુણવતા અને પ્રમાણ ,8 . , જેન્ડર નું શિક્ષણ , 9. . અધિકારોની સમજ અને 10 . સ્વ ની સુરક્ષા નો સમાવેશ થાય છે.

સોહેલને પણ આ જ અભ્યાસક્રમ હેઠળ તેની સાથે પ્રવૃતિઓ કરવામાં આવી. વ્યવહારિક જ્ઞાન અન્વયે, બજાર માં વસ્તુઓ ખરીદવી તેનો હિસાબ કરવો એ સમજાવવા તેને અઠવાડિયામાં એક વખત બજાર કોઈ દુકાને લઇ જવામાં આવતું અને તેને ખરીદવાનું કહેવામાં આવતું. આ સાથે તેના માતા પિતા ને પણ જે પ્રવૃતિઓ શોહીલ ને શીખવાડવામાં આવતી તેનું પુનરાવર્તન કરવાનું પણ કહેવામાં આવતું.

ઉપરાંત, કોઈ વસ્તુના પેકેટ બનાવવા, સરખી વસ્તુઓ ગોઠવવી , કલર, સાઈઝ મુજબ તેને જુદી પાડવી જેવા ટાસ્ક પણ આપવામાં આવતા. જેથી તે વસ્તુને અલગ અલગ રીતે જોઈ શકે. તેને પહેલે સરળ અને પછી ધીરે ધીરે મુશ્કેલ 'ટાસ્ક' આપવામાં આવતા. આ માટે તેને દરેક કાર્યને વિવિધ ભાગોમાં વહેંચી દેવામાં આવે. જેથી તેને તે કાર્યને બરાબર સમજી શકે. શોહીલને આ રીતે શીખવાડ્યા બાદ તે પછી ક્યારેય ભુલતો ન હતો. આ જ બાબત ને લીધે તેનું રોજગારી તરફ ની દિશામાં ઝડપથી સફર શરુ થઇ ગઈ એવું કહી શકાય.



કોવીડ દરમ્યાન સેન્ટર પર તેનું જવાનું બંદ થયું. ઓનલાઈન તેથી સાથે પ્રવૃતિઓ કરવામાં આવતી. આ દરમ્યાન જ ઘરે તે હોવાથી અને પ્રવૃતિઓ કરતો હોવાથી પરિવારના સભ્યો ને તેના પર વિશ્વાસ આવ્યો. આમ, ચોક્કસ આ મહામારીએ બાળકો માં રહેલી ક્ષમતા ને ઓળખવા માટે એક 'અવસર' ઉભું કર્યું હતું.

સમયજતા પ્રભાત સંસ્થા સાથે પરામર્શ કરવાથી પરિવાર ને હિમ્મત આવી. અને તેમણે તેની પાડોશ માં જ 'ડાઈંગ' એટલે કે કાપડ ને કલર કામ કરવાના કામમાં તેને જવાનું નક્કી કર્યું. સોહેલની સમજણ વિકસિત થઇ હતી, તેને લોકો સાથે સંદેશાવ્યહાર કરવામાં મુશ્કેલી ન હતી અને તેને કોઈ કામ જયારે શીખવવામાં આવે તો તેને શીખવાની તેની તૈયારી હતી. તેથી જ તેને કામ શીખવવામાં આવ્યું જેને તેને ઝડપથી સમજી લીધું . આ ઉપરાંત તેને બહારથી કોઈ વસ્તુ ખરીદવા, માટે મોકલતા હતા. શોહીલે લીધેલ પ્રભાતમાં તાલીમ તેને ઉપયોગી બનતી. તે ખુબ ચીવટ થી વસ્તુઓ લઇ આવતો અને હિસાબ પણ આપવા લાગ્યો. તેના કામની ધગશ અને મહેનત જોતા આજે તે ઘણાં સમયથી એક જ જગ્યાએ કામ કરવાનો થઇ ગયો છે.

આ કામ કરવાના અનુભવ ને તેના મમ્મી કહે છે કે, '' અગર બચ્ચો કો પ્યાર સે સિખાને વાલે હૈ તો વો સીખેંગે.. જૈસે પ્રભાત મેં જૈસે સીખતે થે.. ઐસા હો તો યે બચ્ચે જલ્દી સીખ જાયેંગે.''. આમ, જયારે તેમને પ્રેમથી અને પધ્ધતિસર તાલીમ આપવામાં આવે છે તો તે પોતાનું કામ શીખી શકે છે એમાં બે મત નથી.

આજે સોહેલ કામ ઉપરાંત તેની આડોશ પડોશ માં પણ પોતાની એક અલગ 'ઓળખ ' બનાવી લીધી છે. તે દરેકને મદદ કરે છે. તો જ્યાં લોકો તેને કામ માટે બોલાવે પણ છે. કોઈ લગ્ન કે અન્ય પ્રસંગો માં એની મદદ લે છે અને તેનું વળતર પણ આપે છે.

તેના મમ્મી હસતા કહે છે કે, હવે તેને ક્યાં મદદ કરવી અને ક્યાં પૈસા લેવા એવી સમજ આવી ગઈ છે. અને આમ, તેની પાસે હમેશા નાની મોટી રકમ હોય છે. હવે તે ક્યારેય મમ્મી પપ્પા કે મોટા ભાઈ પાસે પૈસા માંગતો નથી. એના બદલે તે ઘરે પૈસા આપે છે, તો ક્યારેક ઘરના સભ્યો માટે કઈ વસ્તુઓ પણ ખરીદી લાવે છે.

આ સ્થિતિ સુધી પહોચવાની સફરમાં દરેક સ્તરે પરિવાર, પ્રભાત સંસ્થા માટે શીખવાનું રહ્યું છે. કઈ રીતે બાળકો ને ધ્યાનમાં રાખીને તેની ક્ષમતાને વિકસિત કરવી અને સાથે તેનામાં વિશ્વાસ મૂકી તેને સામાન્ય વ્યક્તિની જેમ સમાજનો જ એક હિસ્સો બનાવવો. ચોક્કસ એમાં મુશ્કેલી , સંઘર્ષ હોય છે પરંતુ અનેક શુભેચ્છકો, સાથીઓ જોડાયેલ છે.

આટલા સમયના કામના અનુભવ ને લઈને સોહેલ અન્ય જગ્યાએ કાર્ય કરવા જાય અથવા કોઈ અન્ય special needs ધરાવતા વ્યક્તિને કામ કરવું હોય તો કઈ પ્રાથમિક બાબતો હોવી જરૂરી છે તેના જવાબમાં તેના મમ્મી કહે છે કે, તેમની સાથે કામ લેવું હોય તો પ્રથમ તેને યોગ્ય તાલીમ આપવી અને ત્યારબાદ , તેને જે પણ સુચના આપો છો તેને પ્રેમથી કહેવું. '' કારણ કે, અગર આમને એવું લાગે કે, મને ગુસ્સે થઈને કહે છે તો તેઓ કામ કરવાનું પસંદ નથી કરતા.

સોહેલને અન્ય જગ્યાએ મુકવા માટે આજે પણ તેના પરિવાર ને એક 'ડર ' છે. તે કહે છે કે, તેની મજાક બનશે કે તેને પ્રેમથી નહિ રાખવામાં આવે તો તેઓ પોતાની આવડત ને બતાવવાને બદલે તેમનું નકારાત્મક સ્વરૂપ આપણ ને જોવા મળશે. કારણ કે, સોહેલ ને જો ગુસ્સાથી કામ કરવાનું કહેવામાં આવે છે તો તે કામ નથી કરતો અને તે 'હાઇપર' થઇ જાય છે. અને આ સ્થિતિ ની જાણ તે જ્યાં કામ કરે છે તેને ખબર છે તેથી તેને દરેક કામ પ્રેમથી જ તેઓ કહે છે .અને સોહેલ પણ હોંશે હોંશે તે કામ કરે છે. આ તાલમેલ ને લીધે જ આજે આટલો સમય તે એક જ જગ્યાએ ટકી શક્યો છે.

સોહેલમાં આવેલ બદલવાને લઈને પણ પરિવાર ખુશ છે. તેમને ભવિષ્ય માટે અનેક રસ્તાઓ ખુલ્યા છે. હવે તેના મોટા ભાઈ પણ જ્યાં કામ કરવા જાય છે તે ગારમેન્ટ માં તેને લઇ જવાનું વિચારે છે જ્યાં પૈસા પણ વધારે મળશે. આ સ્થિતિ એટલે જ આવી કે, સોહેલ કાર્ય કરીને બતાવ્યું. તેને સાબિત કર્યું કે તેનું પોતાનું અસ્તિવ છે, તેની અહેમિયત છે અને તે પણ અન્ય લોકો માટે ઉપયોગી છે.

આજે પરિવાર બધો યશ પ્રભાત સંસ્થાને આપે છે. તેમના માટે, દરેક તાલીમ પ્રભાત તરફથી મળી છે. જે બાળક માત્ર ગુસ્સો કરતો હતો, લોકો ને ગમે તેમ મારી લેતો હતો આજે તેને એક પરિપક્વ વ્યક્તિ બનવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. જોકે ચોક્કસ પ્રભાત સંસ્થા દ્વારા મેળવેલ સર્વાંગી અભિગમ ની તાલીમ તો ઉપયોગી બની જ છે. પણ સાથે સાથે તેના પરિવાર દ્વારા જે ધીરજ અને વિશ્વાસ રાખવામાં આવે છે તે પણ એટલું જ મહત્વનું ભાગ ભજવી રહું છે. તો તેના આસપાસ નો લોકો નો વ્યવહાર પણ ક્યારેય તેના વિકાસ અવરોધરૂપ નથી બન્યું તે પણ જરૂરી છે.

આ બધાની સાથે આજે જ્યાં સોહેલ કામ કરે છે તેમની સોહેલ માટેની સંવેદનશીલ સમજ અને સમાવેશી અભિગમ જો ન હોત તો જે તાલીમ અને પરિવારનો પ્રેમ હતો તેને અપેક્ષિત પરિણામ સુધી પહોચી ન શક્યા હોત. આમ, પરસ્પર એક જે 'ઇકો સીસ્ટમ' અહી અસરકારક રીતે પોતાની ભૂમિકા ભજવી છે તેનું પરિણામ આપણી નજર સામે છે.



**વિશિષ્ટ જરૂરિયાત ધરવતા વ્યક્તિના અર્થોપાજન માટે કેટલીક મહત્વની બાબતો...**

- તેમને તેમની ક્ષમતા ને ધ્યાનમાં રાખીને યોગ્ય સમય સુધી તાલીમબદ્ધ કરીએ જેમાં સંવેદનશીલતા રાખીએ.

- જે સૂચનાઓ આપીએ તેને સ્પષ્ટ અને તેને છૂટી પાડીને આપીએ જેથી તે ઝડપથી સમજી શકે.

## જયારે જાગીએ ત્યારે સવાર : ૪૦ વર્ષે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિની અર્થોપાજન માટે તૈયાર થયાની સફરની વાત ..

જેમ કુંભાર જે ઘડો બનાવે તેને છેલ્લે નિરાંતે, ચોકસાઈથી આકાર આપે છે અને તેને ભઠ્ઠીમાં પકાવે કે જેથી જે મહેનત કરી છે તેનું અપેક્ષિત પરિણામ તેને મળી શકે. એવું જ પ્રભાત સંસ્થા દ્વારા ચાલતા વ્યાવસયિક તાલીમનો ઉદેશ્ય પણ એ જ છે. અહી વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા પુખ્ત વયના વ્યક્તિને એવા તૈયાર કરવામાં આવે છે જેનાથી તે ભવિષ્યમાં રોજગાર તરફ આગળ વધી શકે, આત્મનિર્ભર બની શકે. એવા જ આત્મ નિર્ભરની સફરમાં આગળ વધી રહેલા સથવારા યાજ્ઞિકભાઈ  ગુણવંતભાઈની વાત અહી કરી રહ્યા છીએ. જે હાલ ૪૦ વર્ષની આસપાસ ના છે અને માતા પિતા સાથે ઇસનપુરમાં આવેલ સીતાપર્ક એપાર્ટમેન્ટ માં રહે છે.

પ્રભાત સંસ્થા દ્વારા ચાલતા સેન્ટરની વાત કરીએ તો અહી વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને ફીઝીયોથેરાપીસ્ટ થી લઈને, શિક્ષણ આપવામાં આવે છે. અને સમય જતા જે બાળકો કિશોરાવસ્થામાં આવે છે તેમને પ્રિ વોકેશનલ ટ્રેનીંગમાં જોડવામાં આવે છે. તેથી ઘણાં બાળકો એવા છે જે નાનપણ થી જ પ્રભાત સંસ્થા માં આવે છે અને પ્રી વોકેશનલ ટ્રેનીંગ સુધી પહોચે છે. જયારે અમુક પુખ્ત વયના વ્યક્તિઓ પણ જયારે પ્રભાત સાથે જોડાય છે ત્યારે તેમનું સાઈકોલોજીક્લ ટેસ્ટ કરીને જો શક્ય હોય તો સીધા પ્રી વોકેશનલ માં જોડવામાં આવે છે. યાજ્ઞિક ભાઈ પણ આ રીતેજ 2016 માં પ્રભાત સેન્ટર પર વ્યવસાયિક તાલીમમાં જોડાયા હતા. તેમની સ્થિતિ ની વાત કરીએ તો તે MR (moderate mental retardation) છે. તે પોતાના ઘણાં કામો કરી શકવાની સમજ હતી. અને એક બે જગ્યાએ અગાઉ નોકરી પણ કરેલી. પરંતુ અનુકુળ વાતાવરણ અને ગમતું કામ ન લાગતા લાંબો સમય ત્યાં ન રહ્યા. તેમના ઘરની નજીક જ પ્રભાત નું સેન્ટર હતું અને તેથી જ તેમના પરિવારને થયું કે , યાજ્ઞિકભાઈને ત્યાં મુકવા જોઈએ. પરંતુ પોતાના બાળકને આ પ્રકારના સેન્ટરમાં મુકવાથી આજુબાજુ ના લોકો શું વિચારશે એ એક લઘુ ભાવનાથી તેને દાણીલીમડા સેન્ટર પર મુકવામાં આવેલ.

પ્રભાત સંસ્થા જયારે પરિવાર આ પ્રકારની ભાવનાથી પીડાય છે ત્યારે પ્રથમ તેને અનુકુળ વાતાવરણ આપે છે અને સમય જતા તેની સાથે કાઉન્સેલીંગ કરવામાં આવે છે અને માતાપિતા ને તે સ્વીકારવા માટે પણ મજબુત કરવામાં આવે છે. કારણ કે પ્રભાત સંસ્થા માટે પ્રથમ છે બાળકની સાથે કાર્ય કરવું. તે સેન્ટર પર આવતું થઇ જાય. અને ત્યારબાદ, પરિવાર, સમુદાય સાથે પ્રક્રિયાઓ કરવામાં આવતી હોય છે.

સૌ પ્રથમ તેમનું સાઈકોલોજીક્લ ટેસ્ટ કર્યા બાદ, તેમની સાથે પણ વ્યક્તિગત આયોજન કરવામાં આવ્યું. પ્રભાતની કાર્ય કરવાની રણનીતિ મુજબ જે અભ્યાસક્રમ વ્યાવસયિક તાલીમનો છે તે રીતે તેને વિવિધ વિષયો પર ‘ઈનપુટ’ આપવામાં આવેલ. જેમાં, સ્વ અને કુટુંબ, કામની જગ્યા વિષે ની માહિતી, મની ટ્રાન્સફર બાબતે, વિવિધ ઉપયોગી ચિન્હો અને પ્રતીકો વિષે વિવિધ પ્રવૃતિઓ અને ઓબ્જેક્ટ દ્વારા સમજ વિકસાવવામાં આવી હતી. તો કામના સ્થળ સંબંધિત બાબતો જેમ કે, શિષ્ટાચાર અને નમ્રતા , વ્યક્તિગત

ક્રિયા પ્રતિક્રિયા , નિયમો અને સમય સુચકતા , સંદેશાવ્યવહાર અને સામાજિક વર્તણુક જેવા વિષયો પણ આવરી લેવાય છે. અહી તેમને કામના સ્થળ સંબંધિત જરૂરી દરેક બાબતોને આવરી લેવાનો પ્રયાસ થાય છે જેથી વ્યક્તિ કામના સ્થળ અને કામ માટે અનુકુલન સાધી શકે.

આ ઉપરાંત જે તે વ્યક્તિમાં કાર્ય સંબંધિત ચોક્કસ સમજ વિકસે તે માટે તેને કામમાં કઈ રીતે ટકી રહેવું અને આત્મવિશ્વાસ માં વધારો કરવા જેવા મુલ્યો પણ વિકસિત કરવામાં આવ્યા છે. અહી તેમને નાના નાના કાર્યની સોંપણી કરીને જવાબદારી આપવામાં આવી હતી અને તે કર્યા બાદ તેને પ્રોત્સાહન આપવામાં આવે છે. તેની જવાબદારીનું ભાન અને આત્મવિશ્વાસ માં વધારો તેમનામાં થયો હતો.

વ્યક્તિની પસંદગી, સુરક્ષા અને નિર્ણય લેવાની આવડતને વિકસિત કરવામાં આવી હતી. અહી ખાસ વ્યક્તિને ધ્યાને રાખીને તેના કામ માટેની પસંદગી કરવાની પ્રક્રિયા કરવામાં આવે છે જેથી કામમાં તેમનો ઉત્સાહ જળવાઈ રહે અને તેથી જ તેઓ ત્યાં લાંબો સમય ટકી શકે. ખુબ નાની પ્રવૃતિઓ દ્વારા વ્યક્તને કામ માટે તૈયાર કરવામાં આવે છે.

તેમનું લેવલ ખુબ જ બોર્ડર લાઈન પણ હતું અને તેથી જ તેઓ અનેક કામ કરી શકતા હતા પણ તેમના 'બિહેવિયર' ને લઈને ઘણી બાબતો હતી જેના પ્રભાત ને લાગ્યું કે તેના પર કામ કરવું પડશે. તેથી જ તેને પ્લાન્ટમાં પાણી પાવવાથી લઈને સામુહિક પ્રવૃતિઓમાં જવાબદારી સોંપવામાં આવતી જેથી તેઓ જવાબદારી અને પ્રેમથી કાર્ય કરે.

આ રીતે યાગ્નિક ભાઈની આ સફર માં એક એવો પડાવ આવ્યો જયારે તેમના માટે જે 'ગોલ' નક્કી કર્યું હતું તેને પૂર્ણ કરવા તરફ આગળ વધી રહ્યાં હતા.

પ્રભાત દ્વારા Norquest Brands praivate limitad સાથે સંકલન કરવામાં આવ્યો. અને પ્રભાત સંસ્થામાં ચાલતા વ્યવસાયિક તાલીમને લઈને રજૂઆત કરવામાં આવી. કંપની પોતાના કાર્યમાં વિશિષ્ટ જરૂરિયાત ધરવતા વ્યક્તિને લે અને તેને અનુરૂપ કાર્ય આપે એ દિશામાં સંવાદો થયા. અને આ સંવાદો ને એક હકારાત્મક પરિણામ મળ્યું જયારે વટવા સેન્ટર Norquest Brands ના પ્રતિનિધિ સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત વ્યક્તિઓની મુલાકાત માટે આવ્યા. આ મુલાકાત માં જ યાજ્ઞિક ભાઈ કંપની આવી શકે તેવો પ્રસ્તાવ મુકવામાં આવ્યો. આ બેઠકમાં તેમની સાથે માતા પિતા પણ હતા અને પોતાના બાળકની પસંદગી થતા યાજ્ઞિક ભાઈ ના પિતા ખુબ ખુશ હતા. બસ હવે થોડી ચિંતા હતી તો સાથે ઉત્સુકતા પણ હતી કે કઈ રીતે કામ માટે તેઓ આગળ આવી શકશે ?

તેમના પિતા એ કંપનીની મુલાકાત લીધી. કોઈ મોટા મોટા સાધનો નથી તેથી પ્રથમ દ્રષ્ટીએ સુરક્ષાનું વાતાવરણ લાગ્યું અને તેમને તે દ્રષ્ટિકોણ થી હાશકારો અનુભવ્યો. કામ સમજાવવામાં આવ્યું અને તે માટે તાલીમ આપવામાં આવી હતી.

ત્યારબાદ, યાજ્ઞિક ભાઈ ખુબ ઝડપથી તે કામ શીખી ગયા ને તાલીમ પીરીયડ પૂર્ણ થઇ તેમને કામ માટે તેમને પસંદ પણ કરવામાં આવ્યા. તેમના વ્યવહાર અને કામની ગુણવતા ને લીધે જ તેમની પસંદગી થઇ જે તાલીમ તેમણે મેળવી તેનો તે ઉપયોગ કરી શક્યા. આ બધામાં ફરી એક ‘ વિઘ્ન’ તેમના માટે આવ્યું. આર્થિક રીતે દરરોજ રીક્ષા દ્વારા ઈશનપુરથી ખોખરા પહોચવું તેમને પોસાય એવું ન હતું. અને ત્યારે તેમના પિતા એ એક જવાબદાર પિતાની ભૂમિકા નિભાવી. યાજ્ઞિક ભાઈને કામ ગમે છે અને તેમને હવે અહી થી છોડવું ન જોઈએ એવું તેમણે નક્કી કરી લીધું હતું. પોતાની વધતી જતી ઉમર ને લીધે પોતાનું બાળક પગભર થઇ જાય તે જ તેમની આશા હતી. અને તેથી આ ઉમરે પણ તેઓ યાજ્ઞિક ભાઈને અમદાવાદ કોર્પોરેશન ની બસ નું પાસ કઢાવ્યું અને તેમાં તેને મુસાફરી કરતા શીખવ્યું.

પોતાના ઘર થી કઈ બસ લેવી, ત્યાર બાદ, બસ  બદલી ને ફરી ખોખરા માટે બસ લેવી તે પ્રેક્ટીકલ સમજ આપવા ઘણાં દિવસો સુધી એની સાથે જવા બસમાં જવા લાગ્યા. બસ ના નંબર , સમય થી લઈને તેની જગ્યા બધું જ સમજાવ્યા ની ખરાઈ બાદ યાજ્ઞિક ભાઈને એકલા મુસાફરી કરવા માટે તેઓ તૈયાર થયા. હજી પણ યાજ્ઞિક ભાઈ જયારે ઘરે થી નીકળે અને બે બસો બદલી ને જયારે કંપની પર પહોચે તો સૌથી પહેલા પપ્પા ને ફોન કરીને કહી દે કે, ‘’ હું પહોચી ગયો છું ‘ એટલે તેમના પિતા અને માતા ને રાહત થાય. અને સાંજે જયારે ઘેર પરત ફરે ત્યારે તેમને જોઇને રાહતનો શ્વાસ લે.

જે પરિવાર નજીકના સેન્ટર પર બાળકને મુકવા માટે સંકોચ અનુભવતું હતું તે જ પિતા આજે બાળકને આ પ્રકારની બસ ની મુસાફરી કરવાની તાલીમ આપે છે ત્યારે લાગે કે પરિવારની સંકુચિત ભાવના સમાજ ને લીધે જ હોય છે. જ્યાં સુધી એક સમાવેશી અભિગમ થી આપણો સમાજ દરેકને નહિ સ્વીકારે ત્યાં સુધી આવી માનસિકતા થી પરિવારો પીડાતા રહેશે.

આજે એક વર્ષ બાદ, માતા પિતા બંને યાજ્ઞિક ભાઈના કામ થી ખુશ છે. તેઓ એક વર્ષ સુધી ટકી ગયા છે. કોઈ પણ પ્રશ્નો કંપની તરફથી પણ નથી આવ્યા અને યાજ્ઞિક ભાઈને પણ કામ ની મજા આવે છે એવું કહે છે. Norquest brands private limited Company ના ચોક્કસ સહ કર્મચારી નો વ્યવહારને પણ બીરદાવવું જોઈએ. અન્ય કંપની માં પણ જો વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિ માટે પ્રોત્સાહન વાળું અને આત્મીય વાતાવરણ જો મળી રહે તો અહી વ્યક્તિઓ ટકી શકશે. જેનું પરિણામ જે તે વ્યક્તિ અને પરિવારમાં શું આવશે તેને શબ્દો દ્વારા વ્યક્ત કરી શકાશે નહિ. ઘણીવાર ઘરની નાની મોટી વસ્તુઓ પોતાના પૈસા થી લઇ આવીને યાજ્ઞિક ભાઈ પોતે એક ‘જવાબદાર ‘બની ગયા નું અનુભવે છે. જયારે માતા પિતા ને પણ પોતાનું બાળક આત્મ નિર્ભર તરફ આગળ ડગલા ભરી રહ્યું છે તેવો અહેસાસ થયો છે.

**કામના સ્થળે વિશિષ્ટ જરૂરિયાત પુખ્ત વયના વ્યક્તિ માટે ...**

**1. પરિવાર તરફથી ..**

વ્યક્તિને પોતાની સુરક્ષા માટે તૈયાર કરવામાં આવે અને તે જવાબદાર બને તે રીતે  તેને સતત સલાહ સૂચન આપ્યા કરે. જેથી વ્યક્તિ માં તેની ગંભીરતા રહે.

જે તે કંપનીને વ્યક્તિની મેડીકલ અને અન્ય જરૂરી બાબતોથી પરિવાર અવગત કરે. તે માટે પ્રાથમિક ઉપચાર અંગે પણ માહિતી પ્રદાન કરે.

**2. કંપની તરફથી.**

કંપની તરફથી વ્યક્તિ સંબંધિત મળેલા ખાસ સુચનાને તેના સુપરવાઈઝર, સાથી કર્મચારીને માહિતગાર કરવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ ઘટના બને તો તેને સમયસર તાત્કાલિક પગલાં લઇ શકાય.

કંપની તરફથી પરિવારને સુરક્ષા બાબતે એક આશ્વાસન મળે જેથી પરિવારને વ્યક્તિ કામના સ્થળે સુરક્ષિત છે તેવી નિશ્ચિતતા થાય.

PRABHAT
EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR
THOSE WITH SPECIAL NEEDS
















SEE OUR VIDEO ABOUT THIS INITIATIVE:- https://youtu.be/uE88WoX7kjw